નરવીર લાલાજી

નિવેદન

'નરવીર લાલાજી'ની પહેલી આવૃત્તિમાં બે વિભાગ હતા: તેમાંથી જીવન-કથાનો ભાગ ઉડાવી દીધો છે. એમાંના પ્રસંગો-લગભગ તમામ-આ બાકી રહેલ જીવન-સ્મૃતિમાં સંકળાઇ જાય છે. તે છતાં ચોપડી દસ આનાની હતી તે ચાર આને આપી શકાય છે.

વસ્તુને જફા પહોંચાડયા વિના આવું વિભૂતિ-સાહિત્ય પાણીમૂલે આપી શકાય, એ એકજ નેમથી આ ફેરફાર કર્યો છે.

'બહારવટીયો જોગીદાસ' અને 'ઓળીપો' પછી, ચાર આનાની ચોપડીની યોજનાનું આ ત્રીજું ફળ છે.

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
અધિક આષાઢ ૧૯૮૭

લેખકો

સાંકળિયું

સાલવારી

૧૮૬૫ : જન્મ. પિતા રાધાકિસન, જાતે અગ્રવાલ જૈન વણિક, વતન જગરાન, જીલ્લો લુધિયાના, પંજાબ.

અભ્યાસ : હાઇકોર્ટ પ્લીડર. વ્યવસાય વકીલાતનો.

૧૮૮૬–લાહોરમાં દયાનંદ એંગ્લો વેદિક કોલેજનું પાદરોપણ.

૧૮૮૮ : હિન્દી મહાસભામાં ભાગ લેવાની શરુઆત. સર સૈયદ અહમદ પર સુવિખ્યાત પત્ર લખ્યો.

૧૮૯૭–૯૮–૯૯ના દુષ્કાળોમાં સંકટનિવારણની પ્રવૃત્તિ.

૧૯૦૫ : મહાસભા તરફથી વિલાયતમાં પ્રચારકાર્ય માટે મોકલાતા પ્રતિનિધિમંડળમાં શ્રી. ગોખલેની સાથે પસંદગી પામ્યા. યુરોપને પ્રવાસે. અમેરિકાની શિક્ષણ-સંસ્થાઓનું તલસ્પર્શી નિરીક્ષણ.

૧૯૦૭ : હદપારી અને માંડલેના કિલ્લામાં ગિરફતારી. દસ મહિને મુક્તિ. સાત વર્ષ સુધી અથાક દેશસેવા.

૧૯૧૪ : અમેરિકાને પ્રવાસે : મહાયુદ્ધનો આરંભ : દેશમાં પાછા આવવા માટે પરવાનો ન મળ્યો. અમેરિકામાં લોકમત જાગૃત કરવા માટે જુમ્બેશ : 'યંગ ઇન્ડીઆ' પત્ર, દસ લાખ પત્રિકાઓ, 'ઇન્ડિઅન બ્યુરો' નામની સંસ્થાની સ્થાપના, પ્રવાસો, વ્યાખ્યાનો.

૧૯૨૦ : હિન્દમા પુનઃપ્રવેશ : કલકત્તાની ખાસ મહાસભાનું પ્રમુખસ્થાન.

૧૯૨૧ : અસહકારના આંદોલનમાં આગેવાની : સભાબંધીના સરકારી હુકમ વિરૂદ્ધ પંજાબ મહાસભા-સમિતિની બેઠક બોલાવી : પ્રમુખ તરીકે પોતે પકડાયા. બે વર્ષની સજા.

૧૯૨૨ : હિન્દુ મહાસભાની જુમ્બેશ. વડી ધારાસભામાં પ્રથમ સ્વરાજ પક્ષે પ્રવેશ અને પછી મોતીલાલજીની સાથે કાર્યપદ્ધતિ પરત્વે ઝઘડો, 'સ્વતંત્ર પક્ષ' તરફથી ધારાસભામાં પ્રવેશ. પ્રજાહિતના વિરોધી સરકારપક્ષ સાથે અવિરત સંગ્રામ, હિન્દ લોકસેવક સમાજની સ્થાપના.

૧૯૨૮ : નવેમ્બર : ૧૭. સાઇમન કમીશનની સામે કાળા વાવટાનું સરઘસ કાઢતાં, લાહોરી પોલીસ અમલદારના લાઠીપ્રહારથી પડેલા જખમો અને તેને પરિણામે થએલું મનાતું મૃત્યુ.



પાણીને
મૂલ્યે
પ્રાણવંત
સાહિત્ય

*

બહારવટીઓ જોગીદાસ :
ઓળીપો અને બીજી
પ્રેમકથાઓ :

દરેકના ચાર આના :

*

કુરબાનીની કથાઓ :
કોઇનો લાડકવાયો અને
બીજા ગીતો :

દરેકના ૭ આના

સોરઠી ગીતકથાઓ

ફાવે તેમ ફેંકેલા નહિ પણ કથાએ
કથાના કડીબંધ સાડા ચારસો દુહા

સોરઠના પહાડી પ્રેમ-જીવનનો
મર્મ સમજાવતી પ્રસ્તાવના

દુહે દુહે સોરઠી સ્નેહ-દર્દના
ટૌકારવ

મૂલ્ય રૂ. ૧ : ટ. ખ. ૦-૨-૦

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર

હરામખોર !

આત્મગૌરવની સમતુલા તોળનાર એ ઇંગ્લાંડની અદાલત હતી. શ્વેતશ્યામના ભેદ ન પાડવાની પ્રતિષ્ઠા ભોગવનાર એ વિલાયતી ન્યાય મંદિર હતું. જડજ હતા, જ્યુરી હતી, કાયદા હતા.

તફાવત માત્ર એટલો જ હતો કે ફરિયાદી હતો એક ભારતવાસી. અને તહોમતદાર હતું એક વિલાયતી વર્તમાનપત્ર. આરોપ હતો એ ગોરા પત્રકારે એ કંગાલ ભારતવાસીની બદનક્ષી કર્યાનો. 'લાજપતરાયે લશ્કરની રાજભક્તિ ત્યજાવવા કાવત્રાં કર્યાં છે' એમ તે પત્રે લખેલું હતું.

"આમ જો ભાઇ !" બદનક્ષી કરનાર છાપાના વકીલે એક સાક્ષીને પૂછ્યું, "જો આ છબીમાં આ કોણ બેઠું છે ?"

"આજના ફરિયાદી, લાજપતરાય." સાક્ષીએ ઉત્તર દીધો.

"ને એની બાજુમાં કોણ છે?"

"બાબુ બિપિનચંદ્ર પાલ!"

"હં, એ શખ્સ કેદમાં જઈ આવ્યો છે કે?"

"હા, એક કેસમાં જુબાની ન આપવાને કારણે."

"જુઓ નામદાર!" વકીલ ન્યાયમૂર્તિ તરફ વળ્યો: "આ બિપિનચંદ્ર પાલ જેવા હરામખોરની સાથે છબીમાં બેસનાર ફરિયાદી લાજપતરાય પણ હરામખોર જ હોવો જોઈએ ને!"

"અને બીજી વાત નામદાર!" વકીલે ચલાવ્યું, "આ લાજપતરાયને મી. મોર્લે જેવા એક ઉદાર અને તત્ત્વજ્ઞાની હિન્દી સચીવે હદપાર કર્યો હતો. એથી સ્પષ્ટ થાય છે કે એ બડો હરામખોર હોવો જોઈએ!"

નિરાશામાં ડૂબતા ન્યાયમૂર્તિના હાથમાં જાણે કે નૌકા આવી પડી. ન્યયમૂર્તિ જ્યુરી તરફ વળ્યા: પોતાનો અભિપ્રાય પ્રકટ કર્યો: "સાહેબો! સાચી વાત કે આ શખ્સ ઉપર આપણા વર્તમાનપત્ર 'ડેલી એક્સ્પ્રેસ' કરેલા બદનક્ષીની એક પણ સાબીતી જડતી નથી. એટલે ફરીઆ-દીની બદનક્ષી થયાની વાત હું સ્વીકારું છું. પરતુ આ શખ્સને વળી આબરૂ શી હોઈ શકે? આપણા મી. મોર્લે જેવા શાંતિપ્રેમી, ફિલ્સુફ, હિન્દી સચીવે જેને હદપાર કરેલો

હતો એવા હરામખોરની આબરૂને બહુ બહુ તો ધક્કો લાગીને કેટલો લાગે? એની આબરૂહાનિ બદલ હું ૫૦ પાઉન્ડ ચૂકવવાના મતનો છું."

ગઇ કાલે જ જેની મૃત્યુ–નોંધ લેતાં હિન્દી ધારાસભાના અધ્યક્ષ શ્રી. પટેલે જેના અવસાનને 'જગતભરની ખોટ' કહી, તે મહાપુરુષના સ્વમાનનાં મૂલ્ય ઇંગ્લાંડના ન્યાયમંદિરમાં રૂપીઆ સાડી સાતસો જ હતાં. કારણ એક જ: એની માતા–એની માતૃભૂમિ પરાધીન છે.

દીકરો

"રાધાકિસનજી! તમારે ઘેરે દીકરો આવ્યો. હું ફરીદપુરથી જોઇને ચાલી આવું છું."

"તું નજરે જોઇને આવે છે બ્હેન? મને કહે તો ખરી, દીકરાનો ચહેરોમહોરો કેવો, સારો છે ને?"

"અરેરે ભાઇ, રંગ કાળો અને ચહેરો બેડોળ છે. જાણે પંજાબનું બચ્ચુંજ નહિ. તમારૂં એટલું દુર્ભાગ્ય છે રાધાકિસનજી! હશે, જેવી પ્રભુની મરજી!"

દિલ્હીનગરમાં પિતા રાધાકિસનજી શિક્ષકની પરીક્ષા માટે તયારી કરવા આવી રહેલા હતા, ત્યાં આવીને એક ઓળખીતી જાટ સ્ત્રીએ બાળ લાજપતનું આવું બયાન આપ્યું. સાંભળીને જુવાન પંજાબી પિતા અફસોસમાં પડી ગયા. કદરૂપ બાળકને માટે એને કંટાળો આવી ગયો. ઇ. સ. ૧૮૬૫ના જાનેવારી માસની ૨૮મી તારીખે, ફરીદપૂર ગામડાના દુકાનદાર હુકમસિંહજીની

એક ઝુંપડીની અંદર જ્યારે પંજાબના નરશાર્દુલનો પ્રસવ થયો, ત્યારે ઉત્સવ થવાને બદલે સગા બાપના અંતરમાં પણ ગ્લાનિ ઉદ્ભવી હતી. ઉત્સવ તો નિર્માયો હતો એના મૃત્યુને માટે. ને મૃત્યુનો ઉત્સવ જ સાચો જીવન–ઉત્સવ છે.

વાત્સલ્યઘેલી ભોળી માતા એના ગ્રામ્ય સંસ્કારથી પ્રેરાઇને છાનીછાની જોષીને તેડાવતી, તેડાવીને લાજપતના જોષ જોવરાવતી. બાળકના હાથપગની અને લલાટની રેખાઓ તપાસીને જોષી મહારાજ કહેતા કે "માઇ ! દેવી ! તારો લાજપત કોઇ મહાપુરુષ થશે. મોટી મોટી મુશીબતો સામે મુકાબલો કરશે. લાખો દેશજનોનું કલ્યાણ કરશે. મોટો દાનેશ્વરી થશે. માતા ! તું પરમ ભાગ્યવતી છે."

જોષીની આવી ભવિષ્યવાણી સાંભળીને માતા મરૂં ! મરૂં ! થતી. કાલીઘેલી ગામડિયણના અંતઃકરણમાં આ આગાહીનો પ્રત્યેક બોલ અંકાઇ ગયો હતો. વિશેષે કરીને 'દીકરો મોટો દાનેશ્વરી થશે' એ વિચારથી તો હર્ષનાં આંસુએ એની આંખો ભીંજાઇ જતી.

લાજપત પોતેજ લખી ગએલ છે કે "મારી માતાને હસ્તે અમારો ઘરકારભાર એટલો વ્યવસ્થિત ચાલતો હતો કે જે દિવસોમાં પિતાજીને રૂા. ૫૦ ની માસિક આવક હતી, તે દિવસોમાં ન તો અમને તંગી

વરતાઇ હતી, કે ન તો જે દિવસોમાં મારી આવક રૂા. એક હજારની હતી તે દિવસોમાં અમારે ઘેર અમીરાત દેખાએલી. એનું નિત્ય–જીવન મારે માટે પરમાર્થના પત્યક્ષ પાઠ સમ બની ગયું. મારી જુવાનીમાં એ મારા જાહેરજીવન માટે મગરૂર હતી, અને સખાવત કરવામાં મને એ પ્રોત્સાહન આપતી. ઉપરાંત એ એટલી ગર્વિષ્ઠ હતી કે ઉંચા વા નીચા કોઇના તરફથી અપમાન થતું તે એ સાંખી શકતી જ નહોતી. કોઇની મહેરબાનીની ભીખ એ માગતી નહોતી. જક્ક્ડ પ્રકૃતિની હતી. ઉતાવળીઆ સ્વભાવની હોવાથી ગુસ્સાને વખતે ઉગ્ર વાણી કાઢતી અને સામા ટોણા ચોડવા સદા તૈયાર જ રહેતી. મારૂં ઘણું ખરૂં અંગત ચારિત્ર્ય મારામાં એની પાસેથીજ ઉતર્યું છે.”

એજ માતાના ગુણ–પાનમાંથી લાજપતને હૃદયે આખી દુનિયાની સ્ત્રીજાતિ પ્રત્યેનું સન્માન સીંચાયું હતું. પ્રેમ અને પરોપકારે છલકતી પોતાની જનેતાનું મધુર વિશુદ્ધ દર્શન એને દુનિયાની તમામ ઉંચાનીચા કે શ્વેતશ્યામ સ્ત્રીમાં થઇ રહ્યું હતું. એટલે જ પેલી અમેરિકાવાસી મીસ મેયોના મલિન પુસ્તક ‘મધર ઇંડિયા’ ના પ્રત્યુત્તરમાં પોતે રચેલા “ અનહેપી ઇન્ડિયા : દુઃખી હિન્દ ” પુસ્તકમાં એમણે લખ્યું છે કે

“ આ મારા પુસ્તકમાં યુરોપી સ્ત્રીઓની નીતિભ્રષ્ટતાનુ ચર્ચાપ્રકરણ ઉપાડવાનો નિર્ણય કરવામાં મારી કેટલીયે રાત્રિઓ નિદ્રા વગરની ગઇ છે. કેમકે મીસ

મેયોને પોતાની જાતિ પ્રતિ જેટલું માન દેખાય છે તે કરતાં મને–હું પુરુષ છતાં વધુ માન છે. મારી એ સન્માનદૃષ્ટિને જાતિ, વર્ણ કે કોમના ભેદો નથી હું માનું છું કે વિશ્વમાં ‘ સ્ત્રી ’ જેટલું સુંદર અને પવિત્ર સર્જન બીજું એક પણ નથી. એનું માતૃત્વ–એની ગર્ભધારણ શક્તિ એને જગતની બીજી તમામ સૃષ્ટિથી ચડિયાતે દરજ્જે બેસાડે છે, અને એ કારણે જ હિન્દમાં જનેતાપણું–માતૃત્વ આટલું મહદ્ સન્માન પામી રહેલ છે. પ્રાચીન હિન્દુઓએ સ્ત્રીને જૂદેજૂદે સ્વરૂપે પૂજેલી છેઃ શક્તિ (ચેતના), સરસ્વતી (વિદ્યા), લક્ષ્મી (ધન), અને દુર્ગા (માતૃત્વ) : એ બધી સ્ત્રી–દેવતાઓ જ છે. હિન્દમાં તો માતાને, પત્નીને, બ્હેનને, દીકરીને પ્રત્યેકને માટે અકકેક નિરનિરાળો ઉત્સવ નિર્માયેલો છે.” “એટલે જ પોતાની પત્ની, પુત્રી અથવા માતા સિવાયની પ્રત્યેક પરાયી સ્ત્રીને હિન્દમાં ‘ માતા ’ તરીકે સંબોધવામાં આવે છે. અજાણી સ્ત્રી સાથે વાત કરતી વેળા હિન્દુ હંમેશા ‘ મા ’ અથવા ‘ બ્હેન ’ કહીને, ઘણુંખરું તો ‘ માઇ ’ કહીને જ બોલાવે છે. ”

“ કોઇ પણ હિન્દી, સિવાય કે જેની નૈતિક ભાવના પરદેશી સરકારના ચાલુ જાસૂસી કામને લીધે છેક જ ભ્રષ્ટ થઇ ગઇ હોય, અથવા તો જેની સમતોલતા ગુસ્સાથી તદ્દન ગૂમ થઇ ગઇ હોય–તે સિવાયનો કોઇ પણ હિન્દીજન સ્ત્રીજાતિનું અપમાન કરી શકે એવું અમે માનતા નથી.

યુરોપીઅનો ચાહે તે બોલે, છતાં હિન્દીને સ્ત્રીજાતિ પ્રત્યે ઉંચું સન્માન છે. હિન્દુને પોતાની ધર્મપત્ની પોતાના અંગ સમી છે, અને જગતની અન્ય તમામ સ્ત્રી–એ ચાહે તે હો–એને મન 'દેવી' સમાન, માતા અને બ્હેન સમાન મર્યાદા કરવા લાયક છે." 'પંજાબી' પત્રે ૧૯૦૭ની મેની ૮મીએ વ્યક્ત કરેલા આ વિચારો મારી પોતાની જ લાગણી રજૂ કરે છે."

પોતાના જીવનના અંતિમ દિવસોમાં, પોતાની અડસઠ વર્ષની ઉમ્મરે જ્યારે માતાની અને પોતાની વચ્ચે કાળનો મહાનદ ચાલીસ વર્ષોનું અંતર પાડીને વહતો હતો, ત્યારે પણ લાજપતરાય મૃત્યુના એ મહોદધિને સામે પાર ચાલી ગયેલી માતાને નહોતા વિસરી શકયા. કેમકે હિન્દની રીંગાતી સ્ત્રીજાતિરૂપે માતાને એ જીવન્ત માનતા હતા. પોતે મિત્રોને કહેતા કે "હવે હું ઝાઝું જીવવાનો નથી. એટલે મારી છેલ્લા વારની સર્વોપરિ ઝંખના મારી માને નામે એક સ્ત્રીઓની ઇસ્પિતાલ બાંધવાની છે." એમ કહીને એ બાબતની આખી રૂપરેખા પોતે તૈયાર કરેલી તે મિત્રોને બતાવતા હતા. છેલ્લી ઘડીએ પોતાનું વસીયતનામું કરીને પોતાની માલિકીની બધી પુંજી આ 'સ્ત્રી બચ્ચાંની ક્ષયનિવારણ ઇસ્પિતાલ' માટે ટ્રસ્ટ કરીને આપી દીધી હતી, અને કાયમી ભંડોળ સ્થાપવા માટે પાંચ લાખનો સવાલ દેશ સમક્ષ નાખી, પોતે જ ભટકાભટકા મોટી રકમ ભાખી પણ આવેલ હતા.

પિતાજી પ્રત્યેના પ્રેમે પણ પેલી 'કાળા કદરૂપા બાલક' માટેની ગ્લાનિનો કેવો ખંગ વાળી દીધો ! ત્રેવીસ વર્ષની વયે તો લાજપતે બાપુને નોકરીમાંથી નિવૃત્તિ લેવરાવી, પોતાના નાના ભાઇઓના અભ્યાસનો બધો બોજો ઉપાડી લીધો. રાધાકિશનજી પોતે જ પાછળથી કહેતા કે "મેં પેન્શન લીધું ત્યારે લોકો મને રોકતા હતા; ડરાવતા હતા કે લાજપત ખર્ચ નહિ આપે તો ? પણ હું તો લાજપતને ઓળખું ખરો ને ! એ મારો દાનો દીકરો મને છેતરે જ નહિ."

પેન્શન પર ઉતર્યા પછી પિતાજીને નિવૃત્તિ ન ફાવી. દુકાન માંડવાનું દિલ થયું. તુર્ત લાજપતે ૧૦-૧૨ હજાર રૂપીઆ પિતાજીને વેપાર માટે દીધા. અને જગ્રામમાં હાટ ખોલાવી દીધું. પિતાને નામે જગ્રામમાં 'રાધાકિશન હાઇસ્કુલ'ની સ્થાપના કરી.

હિન્દની કેળવણીના કોયડાઓ પર પોતે એક પુસ્તક લખ્યું છે, એ પુસ્તકની પ્રસ્તાવનામાં પોતે ઉર્મિભેર પિતાજી વિષેની મગરૂબી પ્રગટ કરે છે:

"આ વિષય ઉપર લખવાને મારો અધિકાર એ છે કે હું એક શિક્ષકનો પુત્ર હોવાનું ગૌરવ ધરાવું છું. ગઇ સદીની સાઠીની અંદર અંગ્રેજ સરકારે જે પહેલી શિક્ષક-ટુકડીને તાલીમ આપી હતી, તેમાં મારા પિતા પહેલવહેલા હતા. મારા પિતા પહેલે દરજ્જે આવેલા, અને કેટલાક વિષયમાં તો એને ઉંચામાં ઉંચા દોકડા અપા-

ગેલા. મારૂં પહેલું શિક્ષણ મને એમની પાસેથી મળ્યું છે. હું મીડલ સ્કુલમાંથી લાહોર હાઇસ્કુલમાં ગયો ત્યાં સુધીના અંગ્રેજી સિવાયના તમામ વિષયો હું એમની પાસેથી જ શીખ્યો હતો. શિક્ષણની અંદરનો મારો રસ એમને જ આભારી છે. મારી જીંદગીમાં હું ઘણા શિક્ષકોને મળ્યો છું, પણ એમનાં કરતાં કોઇ અચ્છો શિક્ષક મેં દીઠો નથી. એ વિદ્યાર્થીઓ સાથે ભાઇઓની રીતે વર્તતા અને તેઓના સહવાસમાં આનંદ પામતા. એણે પોતાનામાં જે કાંઇ શ્રેષ્ઠ જ્ઞાન હતું તે પોતાના વિદ્યાર્થીઓને અર્પી દીધું હતું: દેતા હોય તેવા ભાવથી નહિ, પણ સહકારની–પરસ્પર વિનિમયની લાગણીથી. જ્યાંજ્યાં એ ગયાં ત્યાંત્યાં એ વિદ્યાર્થીઓની સ્નેહમૂર્તિ સમા હતા. પોતે શિખવતા તે વિષય પર વિદ્યાર્થીનો બુદ્ધિપૂર્વકનો તલસ્પર્શ દેખે ત્યાં સુધી વિદ્યાર્થી કેટલું યાદ રાખી શકે છે તેની એમણે કદિ એવના કરી નથી. એમણે કદિ શીખવ્યું નથી, માત્ર સહુને પોતાની રીતે શીખવામાં સહાય જ કરી છે. આ બધું એમને માટે સહજ હતું, કેમકે અંગ્રેજી ભાષાનો એક શબ્દ પણ પોતે ન જાણતા હોવાથી. શિક્ષણનું શાસ્ત્ર કે શિક્ષણની કલા–એમાંથી કશું યે બનાવટી ભણતર પોતે ભણ્યા નહોતા. ”

આવા પિતા પ્રત્યેનો સ્નેહ લાલાજીની ૧૯૦૭ની પહેલી જેલજાત્રા વખતે કેવું વીર–સ્વરૂપ ધારણ કરી

શક્યો હતો તે એમના બીજા પુસ્તક (મારી હદપારીની-કથા) માંથી જડી આવે છે: ઇ. સ. ૧૯૦૭ ના મે મહિનાની ૯મી તારીખ, એટલે લાજપતરાયની બેતાલીસ વર્ષની ઉમ્મરઃ એટલે પિતાનો પૂરેપૂરો બુઢાપો અને માતાનો વિદેહ: પોતાની પૈસેટકે છલોછલ જાહોજલાલી અને બહોળું કુટુંબ : લખે છે કે "મારે મારા પિતાને આ વિપત્તિ માટે તૈયાર કરવાના હતા. મારી પત્ની, મારી તાજેતર રંડાએલી પુત્રી અને મારો સહુથી નાનો દીકરો : એ ત્રણે તો લુધીઆને મોસાળમાં ગયાં હતાં, એટલે મને સંતોષ હતો કે મારી ગિરફતારીને સમયે કૌટુમ્બિક પ્રેમનું કશું નાટક નહિ ભજવાય. પરંતુ સહુથી વધુ વ્યથા મને મારા બુઢ્ઢા બાપુની હતી. મારૂં આખુ જીવન મારા પિતૃપ્રેમ તથા મારી દેશકર્તવ્યની લાગણી વચ્ચેના સતત સંગ્રામ સમું બની ગયું હતું. વારંવાર એમને ન રૂચે તેવાં, એમની મંજૂરી વિરૂદ્ધનાં જાહેર કાર્યો કરીકરીને મેં એમને નારાજ કર્યા હતા. તેમ છતાં યે એમની નારાજી મારી સાથે છુટ્ટા પડી જવા જેટલી હદે હજુ સુધી કદિ પણ નહોતી ગઇ. ક્વચિત્ ક્વચિત્‌ની ઘડીભરની નારાજી અને નાપસંદગી છતાં પણ એ હમેશાં મારા રક્ષા–દેવ જ હતા. મારા આરોગ્ય-ની ચિંતામાં ને ચિંતામાં એના વાળ અકાળે ધોળા બની ગયા હતા. મારી બિમારીમાં જે વખતે ઘરનાં બીજાં સર્વેએ મારી આશા મેલી દીધી હતી, તે વખતે પોતાની વૃદ્ધાવસ્થા છતાં પણ, મહિનાઓના મહિના

સુધી, એક ઘડી પણ મારી પથારીથી આગળ થયા સિવાય એ પિતાએ મારી સારવાર કરી હતી, મારા પરનું આ આવેશભર્યું વાત્સલ્ય જ એની જીવનદોરી સમાન હતું; અને એ વાત્સલ્યે જ મારા પર મુખ્ય સંયમ જમાવીને, મને કુટુંબ–સ્નેહનાં બંધનો તોડી નાખી ત્યાગજીવનમાં જતો અટકાવી રાખ્યો હતો. મારા હૃદયને આધ્યાત્મિક વલણ આપનાર પણ એમના જ ઉચ્ચ ચારિત્રની તેમજ નીતિમય જીવનની અસર હતી. હું જુવાન બન્યો ત્યારથી હમેશાં મારી મુખ્ય કાળજી એમની નારાજીના પ્રસંગો ન આવવા દેવાની જ રહેતી. અને મારા જાહેર જીવન સિવાયનાં ઘર તેમજ બહારનાં દરેક કામમાં એમની ઇચ્છા એજ મારે તથા મારાં સ્વજનોને માટે કાયદો હતો એટલા માટે જ મારા પર જો કશી આફત આવે તો અંતરમાં દુઃખ ન ધરવા માટે મેં એમને તૈયાર કર્યા. કાગળ લખ્યો."

× × ×

"જ્યારે હું દેશવટેથી છ મહિને પાછો વળ્યો, ત્યારે મેં સાંભળ્યું કે એમના શિર પરની આ મોટામાં મોટી આફત દરમ્યાન એમણે મક્કમ, મર્દને શોભતું અને ગર્વમય વલણ ધારણ કરી રાખ્યું હતું. એમની મહેરબાનગીને ન છાજે અને મારા કાર્યની વિશુદ્ધિ પરના મારા વિશ્વાસને ઝીણપ લગાડે એવું કોઈ પણ પગલું ભરવાનો એમણે પલવાર પણ વિચાર કરેલો ન હતો. આ સાંભળીને મારા આનંદનો પાર ન રહ્યો એ મને

પત્રો લખતા તે ઘણા ટુંકા હતા, છતાં પોતે પોતાનાં દુઃખો કેવી ધીરજથી સહન કરતા કરતા મર્દની રીતે મારાં બાળબચ્ચાંની રક્ષા કરી રહ્યા છે, એટલું સમજી જવા માટે તો એ ટુંકા પત્રોમાં પૂરતુ લખાણ હતું. પરંતુ એમણે તો તે ઉપરાંત મારા બચાવ માટે પોતાની કસેલી કલમ ઉઠાવી હતી અને એ કલમ વડે એ મારા કાળા કામ કરનારા દેશબન્ધુઓની કુટિલ પેરવીને ધૂળ મેળવી રહ્યા હતા એની તો મને ખબર પણ શી રીતે હોય ! હું આવ્યો ત્યારે જ મને શરમ સાથે માલુમ પડયુ કે એક હિન્દી ડેપ્યુટી કમીશ્નરે, કેમ જાણે મારો બુઢ્ઢો પિતા મારા રાજદ્રોહી વિચારો બદ્દલ અને મારી હીલચાલ બદ્દલ કોઇ રીતે જવાબદાર હોયની, એ રીતે એ વૃદ્ધની હીલચાલ પર ગેરકાયદેસર રીતે સતત છુપી ચોકી રાખવાનું હીચકારૂં કૃત્ય પોતાની નોકરીને અંગે આવશ્યક ગણ્યું હતું. તેમ છતાં એ ડોસા એક ક્ષણ માત્ર પણ ડગમગ્યા નહોતા, એણે મારી નિર્દોષતા પર ઘડીભર પણ વિશ્વાસ ખોયો નહોતો, અથવા તો પોતાના પ્રત્યે અદ્વિતીય પિતૃપ્રેમ ધરાવનાર બેટાની ગેરહાજરી થકી અંતરમાં વલોવાતી વેદનાને વશ બની કદિ પણ નિરાશાને નોતરી નહોતી.

શિક્ષણમાં ક્રાંતિકાર

પિતામહના દબાણને લીધે તેર વરસની વયે તો લાજપતરાયનું લગ્ન થઈ જાય છે, અઢારમે વર્ષે એ કાયદાની પહેલી પરીક્ષા પાર કરે છે. વીસમે વર્ષે સનંદ મેળવવાની પરીક્ષા વટાવી હિસ્સાર ગામમાં વકીલાત આરંભી દે છે. યૌવનના નિશ્ચિંત સંસાર–સુખો, મનોરાજ્યના સ્વપ્નવિહારો અથવા બલપ્રાપ્તિના મસ્તીભર્યા પ્રયત્નોને એના જીવનમાં સ્થાન મળે તે પહેલાં તો લગ્ન અને ગુજરાનની બન્ને ધુંસરીઓ એના કાંધ પર પડી જાય છે. જોતજોતામાં એ પાણીદાર જુવાનની વકિલાત માસિક અઢીસો રૂપીઆની રકમ ઉપર પહોંચી જાય છે. અને તેની સાથોસાથ જાહેર જીવનનાં દ્વાર ઉઘડી જતાં એની કમાઈની મોટી બચત પરમાર્થની ઝોળીમાં પડવા લાગે છે.

પંજાબમાં સ્વામી દયાનંદનો શંખ ફુંકાયો. સમાજજીવન તેમજ ધર્મજીવનના સડા ઉપર આર્ય-

સમાજની નસ્તર-છુરી ફરવા લાગી. અને સરકારી નિશાળોમાં કારકૂનો પેદા કરવાનું સાંચાકામ કરનારી કેળવણીના સત્યાનાશ તરફ દયાનંદના જુવાન શિષ્યોનું ધ્યાન ખેંચાયું. એકવીસ વરસની સુકુમાર ઉમ્મરે પોતાના બીજા બે સાથીઓના સંગમાં લાજપતરાય પૈસાની કશી સગવડ સિવાય, પ્રજાની સહાનુભૂતિ વગર અને રાજ-સત્તાની સંદેહ-રાતી નજર સામે દયાનંદ એંગ્લો વૈદિક કોલેજનાં તોરણ બાંધે છે. પોતે લખે છે કે "આ સંસ્થાની એક એક ઇંટની પાછળ ઇતિહાસ છે. એ કદાચ આ દુનયાને અજવાળે કદિ જ નહિ આવે. આ વાતો લગભગ વિસરાઇ ગઇ છે, અને જે થોડી વાતો હજુ પ્રચલિત છે તે બધી પણ એના સ્રષ્ટાઓનાં શબોની સાથે જ બળીને ભસ્મ બની જશે."

પ્રત્યેક ઇંટ પછવાડેની એ ગુપ્ત કથાઓ તો બેશક ગૂમ થઇ ગઇ છે. પરંતુ લાજપતનાં સ્વાર્પણ સાથે સંબંધ ધરાવતી વાતો આ રહીઃ પૂરી એક પચીસ સુધી યુવાન લાજપતરાય આ વિદ્યાલયની વ્યવસ્થા સાથે ઝકડાયેલા રહ્યાઃ નવ વર્ષ સુધી એના કાર્યવાહક મંડળના મંત્રી રહ્યાઃ કેટલા વર્ષો સુધી ઉપ-પ્રમુખ રહ્યા : પરંતુ એનું કર્તવ્ય માત્ર કાર્યવાહીના ચાર છેડા વચ્ચે જ નથી રોકાઇ રહ્યું. ઓફીસ ચલાવવી, ફાળા માટે જાહેર સભાઓમાં વ્યાખ્યાન આપવાં, ફાળા ઉઘરાવવા, પ્રચારકામ ધપાવવું અને વર્તમાનપત્રો માટે

લેખો લખવા વગેરેઃ આટલેથી એનાં સરસ્વતી-પૂજનનાં અર્ધ્ય-પુષ્પોની સમાપ્તિ નથી થતી. એ તો આ બહુવિધ બોજો ઉઠાવતાં ઉઠાવતાં શિક્ષકનું કાર્ય પણ અદા કરતા, વિદ્યાર્થીઓની સાથે ભેળાતા, છાત્રાલયો ઉપર પણ દેખરેખ રાખતા. પ્રત્યેક વખતે આર્યસમાજના વાર્ષિક ઉત્સવ પર એનો એકનો જ વ્યાખ્યાન-સૂર શ્રોતાઓનાં ખીસામાંથી નાણાંની રેલો વહવતો. પરંતુ એ વ્યાખ્યાન-સૂર પાછળ માત્ર શબ્દોનું કે માત્ર ભાવોર્મિનું નહિ, પણ પોતાના પ્રથમ પહેલા દ્રવ્યદાનનું જોર હતું. પહેલી જાહેરાત હમેશાં એમના પોતાના ગજવામાંથી જ થતી હતી. આવી આર્થિક સહાય એમણે ઝીંદગીભર ચાલુ રાખી હતી. પોતાને રહેવાનું મકાન પણ કોલેજની પાડોશમાં જ ખરીદ્યું હતું. સત્તાધીશોની ભ્રૂકૂટિ સામે પણ સ્વદેશી શિક્ષણનો ધ્વજ ફરકતો રાખનાર એ નાના શા યુવાન-મંડળને મોખરે હમેશાં લાજપતરાય હતા. હજુ તો મૃત્યુ પહેલાં બેજ દિવસ ઉપર એવું બન્યું કે પોતે કોલેજના કેટલાક કિશોર વયના છોકરાઓને પ્રભાતમાં અતિ વ્હેલા સરઘસમાં નીકળતા જોયા. તુર્તજ પોતે પ્રીન્સીપાલને લખ્યું કે "આ અટકાવવું ઘટે, નહિ તો છોકરાઓની તંદુરસ્તી બગડશે!" આટલી મમતાના ગર્ભમાં જે સ્વાર્પણ ઉભું હતું, તે સ્વાર્પણના સીંચનથી તો 'દયાનંદ એ. વે. કોલેજ'ની અંદર પદ્મની પાંખડીઓની પેઠે અન્ય અનેક કોલેજો ને શાળાઓ ફુટી નીકળી. પોતે કહે છે કે

સંજોગોનું પરિબળ વિચારતાં તો આ વિદ્યાલય એક અદ્‌ભૂત નવલકથા સમું દિસે છે. આટલું અસીમ મમત્વ છતાં, સંસ્થાની સાથે પોતાની તદ્દરૂપતા છતાં, રાષ્ટ્રીય કેળવણીનો નિષ્પક્ષપાત મંથનકાર લાજપતરાય, પોતાની-The Probelms of National Education in India-નામની ચોપડીમાં પોતાના જગતભરના શિક્ષણવિષયક અનુભવનું દોહન કરતાં છેક ઈ. સ. ૧૯૧૮ માં જતા ઉચ્ચારે છે કે આ સંસ્થા પણ રાષ્ટ્રીય કેળવણીના કોયડાનો સાચો ઉકેલ નથી આણી શકી.

દીનબંધુ

દેશમાં દુષ્કાળ પડે, રોગચાળો ફાટી નીકળે, જળપ્રલય કે ધરતીકમ્પ થાય, ત્યારે તો ખ્રીસ્તી મીશનરીઓની મોસમો ખુલતી, કુંડાં લણવાની જાણે કે લાણી પડતી. હજારો અનાથ હિન્દી બચ્ચાં પાદરીઓના હાથમાં પડીને ધર્મ અને જાતિનાં અભિમાન ગુમાવતાં, મોટપણે માતૃભૂમિનાં શત્રુ બનતાં. કારણ એ હતું કે ભૂખમરાનાં માર્યાં હજારો માબાપો પેટનાં સંતાનોને પણ પાદરીઓના હાથમાં જવા દેતાં અને તે પછી દુષ્કાળ વીત્યે પાદરીઓ એ બચ્ચાંને પાછાં માબાપના કબ્જામાં સોંપતાં નહિ. એ રીતે રાજપૂતાનાના ફક્ત એક દુષ્કાળમાંથી જ કુલ ૭૦ હજાર હિન્દુ બાળકો ખ્રીસ્તીઓને હાથ પડી ગયાં હતાં. એવે સમયે પંજાબમાં પહેલવહેલી બીનખ્રીસ્તી અનાથસહાયક ઝુંબેશ ઉપાડનાર એક લાજપતરાય જ હતા. ત્રીસ

બત્રીસ વર્ષની વય એટલે તો જીંદગીનો ઉંબર લેખાય. તે દરમ્યાન તો પોતે ફિરોઝપૂર, મીરટ વગેરે સ્થળે અનાથ–આશ્રમો ઉઘાડી નાખ્યાં હતાં. એવે ૧૮૯૯–૧૯૦૦ ના અરસામાં મધ્યપ્રાંત, રાજપૂતાના, બંગાળા વગેરે સ્થળોમાં દુષ્કાળ ફાટી નીકળ્યો. એ ચીસ લાહોરમાં લાજપતરાયને કાને પડી. એનું અંતઃકરણ પીગળી ગયું. સહાયસમિતિઓ ગોઠવી, દ્રવ્ય મેળવી, ઠેરઠેર પોતાના ધર્મદૂતોને એણે મોકલી દીધા. ફિરોઝપૂરના સુપ્રસિદ્ધ શ્રીમદ્‌દયાનંદ અનાથઆશ્રમની કાર્યવાહી કરવાથી પોતાને અચ્છી તાલીમ મળી ગઇ હતી તેથી પોતે હજારો અનાથ હિન્દુઓને બચાવ્યા. એ દેખીને પાદરીઓની આંખો ફાટી ગઇ. ૧૯૦૧ માં 'દુષ્કાળ કમીશન' બેઠું. સરકારે લાજપતરાયને જુબાની આપવા તેડાવ્યા. જુબાનીમાં એણે ઉઘાડેછોગ જાહેર કર્યું કે ખ્રીસ્તીઓ અમારાં હિન્દી બચ્ચાંને આવાં સંકટોનો ગેરલાભ લઇ ઉઠાવી જાય છે તેની સામે હું ઇલાજ માગું છું: હું માગું છું કે અનાથ બાળકોને પ્રથમ પહેલાં પાછાં શોધ કરીને એનાં પોતપોતાનાં માબાપોને હવાલે કરવાં; માબાપો ના પાડે તો આર્યસમાજી આશ્રમોના હાથમાં સુપ્રત કરવાં; અને એ ન રાખે તો જ ખ્રીસ્તી મીશનરીઓને ભળાવવાં. સરકારે આ માગણીનો સ્વીકાર કર્યો. ખ્રીસ્તીઓનો ભક્ષ ગયો. હજારો બાળકોને હિન્દુત્વની ગોદમાં પાછાં તેડી લાવનાર લાજ-

પત ઉપર આ મતલબી વિધર્મીઓની વક્રદ્રષ્ટિ તે દિવસથી જ રમવા માંડી હતી.

ઇ. સ. ૧૯૦૫ માં કાંગડા જીલ્લો ધરતીકમ્પનો ભોગ થઇ પડયો. એ પ્રચંડ ભૂકમ્પને લીધે હજારો મકાને જમીંદોસ્ત થયાં. હજારો ગરીબો ઘરબાર વિનાનાં બન્યાં. તેઓની વ્હારે પણ લાજપતરાય જ ધસી આવ્યા. દ્રવ્ય ભેળું કરી, સ્વયંસેવકોનાં દળ ઉભાં કરી, અનાથઆશ્રમ ઉઘાડી એ પીડિતોના ઉગાર માટે મથ્યા.

પંજાબ જેવા સ્થિતિચૂસ્ત પ્રાંતમાં અત્યંજોની સાર કોઇ હિન્દુએ લીધી નહોતી. એ 'અછૂતો' માનવજાતને મળેલા તમામ જન્મસિદ્ધ હક્કોથી બાતલ હતા. એને નહોતી શાળાઓ કે નહોતાં નવાણો. એની વ્હારે પણ જોશીલો લાજપત જ ચડયો હતો. પંજાબભરમાં એ અછૂતોદ્ધારનો મંત્ર ગુંજતા ગુંજતા ઘૂમતા. અને એના અંતરમાં અછૂતો પ્રતિની કેવી જ્વાળાઓ ઉઠી હતી તેની સાખ તો સાઇમન કમીશનના બહિષ્કાર પર પોતે વરિષ્ઠ ધારાસભામાં જે અભયભરપુર વ્યાખ્યાન દીધું તેમાંથી જડે છે: એ બોલ્યા છે કે

"સાહેબો, આ અણિશુદ્ધ ગોરા કમીશનની નીમણુંક કરવાના બચાવમાં અમારા બર્કનહેડે એક કયો મુદ્દો આગળ ધર્યો છે, જાણો છો ? એ છે સરકારની અસ્પૃશ્યો પ્રતિની દયાનો મુદ્દો ! ક્યારથી આ અસ્પૃશ્યોની હસ્તી તમે સ્વીકારી ભલા ? આ દલિત વર્ગના અસ્તિત્વનું

જ્ઞાન બ્રીટીશ સરકારને કયે દિવસે થયું સાહેબો ? લાગે છે કે ઇ. સ. ૧૯૧૭ થી.”

એક સભ્ય–શા રીતે ?

“શા રીતે તે હું એક ક્ષણમાં જ આપને સમજાવું છું, સાહેબ ! ઇ. સ. ૧૯૧૭ના ઓગસ્ટમાં સરકારે મહાન ઢંઢેરો પીટાવ્યો કે બ્રીટીશ રાજનીતિનું ધ્યેય હિન્દને બ્રીટીશ સામ્રાજ્યની અંદરના એક અંગ તરીકે તૈયાર કરવાનું છે. આ ઢંઢેરો હિન્દને વિષે રહેતી સમસ્ત અંગ્રેજ જનતાને, અમલદાર તેમજ બીનઅમલદાર તમામને કડવો લાગ્યો. એટલે પછી પોતાની આખી કારકિર્દીમાં પ્રથમ પહેલીવાર ૧૯૧૭–૧૮ માંજ શિક્ષણ–પ્રગતિના અહેવાલમાં અસ્પૃશ્યોની હયાતીની નોંધ લેવાણી. તે અગાઉ અંગ્રેજ સરકારની દૃષ્ટિએ આ અસ્પૃશ્યો જીવતા જ નહોતા. એણે શું કર્યું ? એણે અસ્પૃશ્યોની વસતી–ગણના કરાવી. શા માટે ? અસ્પૃશ્યો કેળવણીની પ્રગતિ શી રીતે થઇ શકે અને એનું હિત શી રીતે સુધારી શકાય તે જાણવાના દંભી બહાના તળે. પછી ? પહેલીવારના વસતી–પત્રકે અસ્પૃશ્યોની સંખ્યા ૩ કરોડની બતાવી. એ સંખ્યાને ઇ. સ. ૧૯૨૧ની વસતી–ગણનામાં સેન્સસ કમીશનરે છલંગ મારીને સવાપાંચ કરોડની કરી નાખી. અને એણે કહ્યું કે ઘણું કરીને અસ્પૃશ્યોનો આંકડો સાડાપાંચ ને ૭ કરોડની વચ્ચે હોવો જોઇએ. પછી મી. કોટમેને

કલમને એક જ ઝટકે એને નિશ્ચયપૂર્વક ૭ કરોડ કરી નાખી ; અને આજે જે ૭ કરોડ અસ્પૃશ્યોની વાત સરકાર વારંવાર કરી રહી છે તે આ રીતના ૭ કરોડ છે। હું પૂછું છું કે બ્રીટીશ સરકારે દોઢસો વર્ષના અમલ દરમ્યાન અસ્પૃશ્યોને માટે શું ભલું કર્યું ? ”

મો. અહમદ—તમે શું કર્યું ?

લાજપતરાય—મેં શું કર્યું ? કહું છું. સાંભળો. છેલ્લાં પચીસ કરતાં વધુ વર્ષોથી-ધારાસભામાં એ લોકોના પ્રતિનિધિને બેસવા દેવાનો ઇસારો સરખો થયો તેની પણ પૂર્વે ઘણાં વર્ષોથી હું અસ્પૃશ્યો માટે મારૂં કર્તવ્ય કરતો આવું છું. હું સરકાર પક્ષના દરેક સભાસદને પડકાર કરીને પૂછું છું કે બોલો, તમે છેલ્લાં પચીસ વર્ષો દરમ્યાન અસ્પૃશ્યોદ્ધાર માટે શું કર્યું છે ? અરે અત્યારે, પણ—આ નવા વહીવટમાં પણ અસ્પૃશ્યોની કેળવણી અને આબાદાની વધાવવાના અમારા નાના શા પ્રયાસો પરત્વે પણ સરકાર સામી પડે છે. અમે જ્યારે પંજાબમાં આ લોકો માટે કુવા ઉઘાડતું કહીએ છીએ, ત્યારે એણે ના પાડી છે. અમે એનાં બાળકો માટે ખાસ શિષ્યવૃત્તિઓ કાઢવા સૂચવીએ છીએ, તો એ પ્રસ્તાવ પર પણ નનૈયો ભણે છે. જ્યારે એક સભાસદે અસ્પૃશ્યોના શિક્ષણ માટે રૂા. નવ લાખની મંજૂરીનો પ્રસ્તાવ મૂકયો, ત્યારે પણ સરકારે મક્કમ ‘ ના ’ સંભળાવી. અમે માગ્યું કે લશ્કરમાં અને ત્યાં નહિ તો છેવટ પોલીસ ખાતામાં

તેઓની ભરતી કરો, તો સરકારનો જવાબ છે કે "ના; અત્યારના સંજોગોમાં નહિ; કેમકે બીજા હિન્દુઓ વિરોધ કરશે." તો પછી આ અસ્પૃશ્યો માટે ઉભરાતું હેત શાનું ? એ છે દંભા બરાડો. હું તો આંહી બેઠેલ અંત્યજ પ્રતિનિધિ ખુદ મી. રાજાને જ આહ્વાન આપીને પૂછું છું કે બતાવો, સરકારે છેલ્લાં ૨૫ વર્ષોમાં તમારે માટે શું ઉકાળ્યું ? એ તો કેવળ આંખમાં ધૂળ નાખવાની વાત છે. બાકી તો શુદ્ધ વિશ્વબંધુત્વની દૃષ્ટિએ અને સદંતર નિઃસ્વાર્થભાવે એ લોકોની ઝુંબેશ પરત્વે પહેલ કરનારા અમે જ છીએ. અમે એ લોકોને અમારાં જ સગાં ગણ્યાં અને અમારી નમ્ર રીતિએ અમે એને છેલ્લાં પચાસ વર્ષોથી ઉંચા લેવા મથીએ છીએ. મેં પોતે પણ મારા સમયનો મોટો ભાગ અને મારી બચતની મોટી રકમો અસ્પૃશ્યો માટે જ અર્પણ કરી છે. હું પૂછું છું કે એની સામે જમા કરવા જેવું આ સરકારે અને આ ગોરા સભ્ય સાહેબોએ કશું કર્યું છે ?"

લાજપતરાયનો શબ્દેશબ્દ સત્યના પાયા પર ઉભેલ છે. એમાંનો એક પણ હરફ જૂઠો પાડવા ત્યાં કોઇ સભાસદની પાસે સાધન નહોતું અને અસ્પૃશ્યો માટે તો જ્યારે એણે એક કરોડ રૂપીઆ અંદાજપત્રમાં અલાયદા મૂકવાનો પ્રસ્તાવ વરિષ્ઠ ધારાસભામાં પેશ કર્યો હતો, ત્યારે સ્વરાજ પક્ષના પ્રતિનિધિઓ જો પ્રસ્તાવના પક્ષમાં મત આપત તો અસ્પૃશ્યોનું કામ પાકી જાત. પરંતુ બરાબર એ જ પ્રસ્તાવને સમયે, 'સદંતર વિરોધ' ની

પોતાની નીતિને કારણે સ્વરાજપક્ષીઓને ધારાસભામાંથી બહાર નીકળી જવું પડેલું. તેઓ બધા બહાર પરસાળમાં જ ઉભા હતા. દૂર પણ નહોતા ગયા. સ્વમાનને પોતાનો પ્રાણ લેખનાર લાજપતરાય તે વખતે બહાર નીકળ્યા. હાથ જોડીને, પગે પડીને એણે વિનવણી કરી કે 'કોઇ પધારો! અસ્પૃશ્યોનું ભલું થશે. ભલા થઇને અંદર પધારો!' પણ સ્વરાજવાદી સભ્યો લાઇલાજ હતા.. લાજપતરાય પોતાનુ સમસ્ત સ્વાભિમાન અળગું મેલીને હાથ જોડી ઉભા હતા એ અંત્યજોને માટે. છેલ્લાં ત્રણ વરસથી તો હિન્દુવટનાં પાપ ધોવાની અદમ્ય ધગશને વશ બની લાલાજી દાનવીર શેઠ બીરલાની દ્રવ્ય–સહાયથી પંજાબભરમાં અછૂતોદ્ધારને જ કામે લાગી પડયા હતા.

અમેરિકામાં પોતે દેશપારી ભોગવતા હતાઃ પેટ-ગુજારા માટે જાતમહેનત કરી મથવું પડતુંઃ ઘણી વાર ઘેરથી સરકારની ડખલને લીધે ખરચી આવવામાં રોકાણ થતુંઃ પોતે મુંઝાઇને રડતા હોયઃ તે ટાણે પણ કોઇ હિન્દી વિદ્યાર્થી એની સહાય વિના એની કનેથી પાછો ન વળતો. વિદ્યાર્થીની કથની સાંભળી પોતે એટલા બધા પીગળી જતા, કે તેજ ઘડીએ ગજવામાં હાથ નાખી જે કાંઇ છેલ્લી મૂડી હોય તે રાજી થઇને આપી દેતા; અને પોતે તો પૈસાને અભાવે પુત્ર પ્યારેલાલનાં ટુંકા કપડાં પહેરીને યુરોપમાં પ્રવાસો કરતા. કોઇ કહે કે "લાલાજી, આ ઠીક નથી લાગતાં." પોતે હસીને જવાબ દેતા કે "કાંઇ નહિ યાર! એ તો ટુંકી મુસાફરીમાં ચાલ્યું જાય."

"વીરોનો પણ વીર"

ઈ. સ. ૧૯૦૭ નો મે મહિનો ચાલતો હતો. દમન-દોર ચારે દિશામાં દેશને ચગદતો હતો. અને એ ઘર્ષણમાંથી અસંતોષનો અગ્નિ ફાટતો હતોઃ બંગાળામાં બંગભંગની સામે બિપીનચંદ્ર પાલે આંદોલન મચાવ્યું અને બંગ-યુવકોએ માથાં હથેળીમાં લઇ આત્મ-સમર્પણની તૈયારી કરી. મહારાષ્ટ્રમાં લો. મા. તિલક જ્વાલા ચેતાવી રહ્યા હતા અને પંજાબમાં ત્યાંની સરકાર જમીન પરનો કર વધારી જાટ કૃષિકારોની કમબખ્તીનો એક ખરડો ઘડતી હતી તેની સામે લાજપતરાય અને જાટ કોમના નેતા સરદાર અજીતસિંહની જોડલીએ જાહેર મતનો બળવો જગાવવા ઝુમ્બેશ માંડી. લાજપત-રાયને તો એના બનારસ મહાસભાના વ્યાખ્યાન પછીથી સરકારપક્ષનાં છાપાઓએ "બળવાખોર' શબ્દે ડામી દીધા હતા. એના ઉપર લશ્કરમાં વિદ્રોહ જગાવવાના

નિર્મૂલ આક્ષેપો પણ થઇ રહ્યા હતા. સરકાર ચોગમ વિપ્લવના ઓળા દેખતી હતી. એવે વખતે લયલાપૂરમાં જાટની મેદની મળી. અંગ્રેજ સૈન્યને ઉત્તમોત્તમ સિપાહીઓ જે કોમમાંથી મળતા હતા તે જ આ જાટ કોમની સામે લાજપતરાયે જોશીલું ભાષણ કર્યું. અને સરકારે સમય વર્તી લીધો. રાવલપીંડીના જે પાંચ નેતાઓને કારાગૃહમાં પૂરવામાં આવ્યા, એ પાંચેને માટે જામીન મેળવવા, ઉશ્કેરાએલા પ્રજાસાગરને શાંત પાડવા, અને જરૂર પડે તો જેલમાં મિત્રોનો સાથ કરવા લાજપતરાય યત્નશીલ હતા. સરકારને એ તક સાંપડી.

એક મિત્રે કહ્યું ' લાજપતરાય, તમારા લયલાપૂર ખાતેના ભાષણમાંથી 'રાજદ્રોહ'નું ટીપું નીચોવવા માટે જમીન આસમાન એક થઇ રહ્યાં છે."

બીજાએ કહ્યુ 'કૂકા લોકોના આગેવાન ભાઇ રામસીંગના જેવો તમારો પણ વલે કરવાની ગોઠવણ ચાલી રહી છે." [ભાઇ રામસીંગ શીખોના એક ધાર્મિક સંપ્રદાયનો નેતા હતો. ૧૮૭૨ માં અને ૧૮૧૮ ના કાયદા નં. ૩ ની રૂઇએ, મુકદ્દમો ચલાવ્યા વગર બ્રહ્મદેશ કાળા પાણીએ ઉપાડી જવામાં આવ્યો હતો ત્યાં એ તુર્ત જ મરણ પામ્યો હતો.]

ત્રીજા મિત્રે સલાહ આપી કે " ચાલો લાહોર માંથી નીકળી જઇએ. વાવાઝોડું પસાર થઇ જવા દઇએ."

લાજપતરાયે જવાબ આપ્યોઃ “નહિ, નહિ; એ કાયદાની ચુંગાલમાં આવવા જેવું એક પણ કામ મેં કર્યું નથી. કાયદેસર મને સરકારની આંગળી અડકી શકે જ નહિ. મને કશો ભય નથી. મારા મગજમાં તો એક જ વિચાર ઘૂમે છે કે રાવલપીંડીવાળા પાંચ મિત્રોને માટે હું કાંઇક કરી છૂટું. અત્યારે એ પાંચ જણા બંદીખાનામાં છે ને હું ઘરમાં સુખે નિદ્રા કરૂં છું, એ વિચાર મને ઝંપવા દેતો નથી. હું રાવલપીંડી જઇને જેમ બને તેમ તેઓની નિકટમાં રહું તો ઠીક.”

લાલાજી જ્યાં આ વિચાર કરે છે ત્યાં એમને ખબર મળ્યા કે એ પાંચે જણાના સ્નેહી–સબંધીઓ ઇચ્છે છે કે લાજપતરાય દૂર જ રહે તો ઠીક. તેઓનું માનવું છે કે પાંચ જણા પર પડેલી આ આફત લાલાજીની જ રાવલપીંડી ખાતેની હાજરીને આભારી છે; અને તેઓ લાલાજી સાથેનો સંબંધ ત્યજી દેવા ઇચ્છે છે.

લાજપતરાયે આ માગણીને શિર પર ચડાવી. પરંતુ એનું હૃદય રહેતું નહોતું. એણે પાંચ પરહેજ થયેલાઓને કારાગૃહમાં સંદેશો પહોંચાડયો કે “મારી જરૂર પડે ત્યારે તૈયાર જ ઉભો છું. અત્યારે તો નથી આવતો, કેમકે મને ના પાડવામાં આવી છે.”

પોતાના પર ઘેરાતાં વાદળાંની વાતો વધવા લાગી. ૧૮૧૮ નો કાળો કાયદો ઉઘાડીને વાંચી જોયોઃ માણુ

ધુણાવ્યું: ના, ના, આમાં વર્ણવેલું કૃત્ય મેં કદિ કર્યું જ નથી, મને પકડે જ નહિ. હું એવો કયો મોટો માણસ !

છતાં અફવાઓ વધવા લાગી. કદાચ ગામતરું કરવું પડશે એવું માનીને લાલાજીએ તૈયારી કરવા માંડી. અને શી શી તૈયારી કરી ?

૧. પત્ની તો બહાદૂર હતી. એ નહિ મુંઝાય. એ તો બચ્ચાંને હિમ્મતથી ઉછેરશે. એની મને ચિંતા નથી.

૨. પિતાજીનો પ્રેમ અપરંપાર છે : એ ડોસો ઝૂરીઝૂરીને મરશે ! માટે એના પર હિમ્મત દેનારો પત્ર લખી કાઢયો :

વ્હાલા પિતાજી,

મારી ગિરફતારીની અફવાઓ જોરથી ચાલી રહી છે. એ કેટલી પાયાદાર છે તે ખબર નથી. છતાં આપને વિનયપૂર્વક પ્રાર્થના કરૂં છું, કે મારા પર ચાહે તે વિપત્તિ પડે તોયે આપ ગભરાશો નહિ. અગ્નિ સાથે ખેલનારનું મ્હોં ક્વચિત દાઝે, તો તેથી શું થઇ ગયું ? રાજસત્તાનાં કૃત્યોપર ટીકા કરવી એ અગ્નિ સાથે રમત રમવા બરોબર છે. મને બીજી કશી ફિકર નથી. માત્ર આપના ઉપર પાછળથી આવી પડનારી મુસીબતોની ચિંતા છે. માટે મને ખાત્રી આપો કે મારી ગીરફતારીથી આપ ગભરાશો નહિ. હંસરાજ, ગુરૂદાસ અને

અમોલખરામ જેવા કેદમાં ગયા છે, તો હું બચાડો શી ગણત્રીમાં ! ગમે તે થાઓ, પણ કાયરતા દાખવવાનું આ ટાણું નથી. ઉલટું જે કાંઇ ગુજરે તે મર્દની રીતે સહ્વાનું છે........મને કશી વ્યાકૂલતા નથી. આપ પણ મારી કશી ચિંતા કરતા નહિ.

લી. આપનો નમ્ર સેવક

લાજપતરાય

૩. બીજા પ્રાંતોના નેતાઓને તેમજ વિલાયતના મિત્રોને પંજાબની દમન-નીતિ વિષે વાકેફ કરનારા કાગળો લખ્યા.

૪. તે દિવસ અદાલતમાં તો કશું કામ નહોતું, પરંતુ એક અસીલે અમૂક વ્યવસ્થા કરવા માટે રૂા.૩૫૦ બે દિવસ ઉપર આપેલા, તેની વ્યવસ્થા કરવા પોતે તૈયાર થયા. મોટરગાડીની વરધી દીધી.

ત્યાં તો બે પોલીસ અમલદાર આવીને ઉભા રહ્યા: "લાલાજી, આપને કમીશ્નર સાહેબ યાદ કરે છે."

"શા માટે ?"

"એ ખબર નથી."

લાલાજીને લાગ્યું કે લોકોનો ઉશ્કેરાટ શાંત કરવાના કામમાં કદાચ મદદે બોલાવતા હશે. કહ્યું "હમણાં અદાલતમાં જઇને વળતાં મળી જાઉં છું."

"પણ લાલાજી, હમણાં જ આપનું કામ છે; થોડી જ મીનીટનું."

લાજપતરાય વ્હેમાયા. કંઇક આફત છે. સ્મિત કરીને કહ્યું "બહુ સારૂં ! ચાલો. મારી ગાડીમાં જ સહુ જઇએ."

વિપત્તિના પ્રવાસ પર લાજપતરાય સ્મિત કરતા ચાલ્યા. ત્યાં તો સામે બીજા અંગ્રેજ અમલદારોની ગાડીઓ મળી. કૂદાકુદીને એ બે ગોરાઓ લાજપતરાયની ગાડીની પગથી પર ચડી ગયા. લાજપતરાયે પોલીસ ઉપરી રૂન્ડલને તો પિછાન હોવાથી કહ્યું "અંદર આવો જાઓને !" બે મિનીટમાં પોલીસ કચેરીએ પહોંચ્યા.

કમીશ્નરે ગવર્નર જનરલ તરફથી આવેલો કાળા-પાણીનો હુકમ દેખાડ્યો. હસીને લાજપતરાય બોલ્યા: "તૈયાર જ છું."

"કોઇને મળવું છે ?"

"ના રે !"

"કંઇ કાગળ પત્ર લખવો છે ?"

"હા, હા, જરૂર."

કાગળ, શાહી ને કલમ હાજર થયા. પુત્ર પ્યારેલાલને લખ્યું: 'હું ક્યાં જાઉં છું તેની ખબર નથી. ક્યારે આવીશ તે પણ જાણતો નથી. તુ આ એક કામ કરજે:

આ સાથે રૂા. ૩૫૦ની નોટો મોકલું છું. તે આપણા અસીલને પાછી દેજે અથવા એ કહે તેવી વ્યવસ્થા કરજે. બીજા થોડા મુકર્દમાઓ ચલાવવાનું મેં અસીલોને વચન દીધું છે, તે તેઓ કબુલ થાય તો તું ચલાવજે. મોટાબાપુને હિમ્મત દેજે, એની આજ્ઞામાં રહેજે!"

કાગળ બીડી, પોલીસને આપી, પોતે પોલીસની ગાડીમાં બેઠા. ડેપ્યુટી કમીશ્નર પોતે જ મોટર હાંકી રહ્યો છે. ડી. પો. સુપ્રી. રીવોલ્વર લઇને બાજુમાં બેઠો છે. પાછળની બેઠકમાં લાલાજીને પડખે ફોજદાર બેઠો છે.

સ્વસ્થ લાજપત તે વખતે ત્યાં ઉભેલા એકના એક દેશબાંધવને–પોલિસ ઇન્સ્પેકટરને સલામ કરી. આગળ વધ્યા. પુલ ઓળંગતાં તો એણે એક મોટું સૈન્ય પોતાની તરફ આવતું દીઠું. યુરોપી અને દેશી: પેદલ અને ઘોડેસ્વાર: સાથે થોડું તોપખાનું! આ બધું લાજપતરાય પર જાપ્તો રાખવા માટે! જોઇને કેદીના હૈયામાં હસવું આવ્યું. પરંતુ હાસ્ય એણે રોકી લીધું. * * * * કોટડીમાં પુરાઇ ગયા.

સંપૂર્ણ સ્વાસ્થ્ય સાચવ્યું: કશી ફીકર, પૂછપરછ, ઉગ્રતા અથવા દહેશત નથી. એકે રેખામાં કે રૂંવાડામાં પણ ઉશ્કેરાટ નથી. જાતે વૈશ્ય: ધર્મે મૂળેથી જૈન: શાણા ઠરેલા વૈશ્યની રીતે લાલાજીએ ભાઇ રામસીંગની વહેલે ભેટવા કાળાપાણીની મુસાફરી આદરી. દુકાન

વધાવી લેતો. ડાહ્યો વણિક પાઇ યે પાઇની વ્યવસ્થા કરીને વેપાર સંકેલી લે, તેટલી સ્વસ્થતા લાલાજીએ આ નવા જીવન-પ્રવાસે પળતી વેળા બતાવી. રાતે કારાગૃહમાં એકલા પડતાની વારજ આત્મ-નિરીક્ષણ આરંભ્યું. એના જ શબ્દો ટાંકીએ:

"પ્રથમ પહેલાં તો મેં પરમાત્માનો પાડ માન્યો કે હું પરહેજ થતી વેળા કૌટુમ્બિક કરૂણ નાટ્ય-પ્રવેશોમાંથી બચી ગયો; પત્ની અથવા બચ્ચાં તે સમે હાજર હોત તો ન બચાત. પિતાને માટે હું દિલગીર હતો, પરંતુ એમના ચારિત્ર્યના બળ ઉપર તેમજ સંકટ વેળાની એમના ચિત્તની સ્વસ્થતા ઉપર મને એટલી બધી શ્રધા હતી કે એમની વ્યાકુળતાનો વિચાર-ભાર મારા મન પર બહુવાર ન રહ્યો. પત્ની અને બચ્ચાંને તો પિતાની ગોદમાં સુરક્ષિત માન્યાં. એ રીતે કુટુંબના વિચારમાંથી મનને મુક્ત કરી લીધું. પછી મેં મારૂ નૈતિક તથા માનસિક બળ માપી જોયું. મને લાગ્યું કે એ બળ તુટવાની જરીકે ધાસ્તી નહોતી. બચપણથી જ જગત્કર્તાના ડહાપણમાં મને આસ્થા હતી, ઉપરાંત ચાહે તેવી કટ્ટાકટીમાં પણ મને ટટ્ટાર રાખનાર ફાજલ આત્મશ્રદ્ધાની ઝીણી દીવી મેં મારામાં બળતી દીઠી.

"આ રીતના આત્મ-નિરીક્ષણમાંથી ન્હાઇધોઇને હું જીવનમાં પૂર્વે હતો તેથી સવિશેષ બળવાન ને નિશ્ચયવાન થઇ બહાર નીકળ્યો. અંતમાં પ્રભુને પ્રાર્થના

કરી કે હે પિતા! ગર્દનો સીનો રાખવાની મને શક્તિ દેજે! અને મારા સ્વદેશનું હિત જરી પણ જોખમાય તેવું કશું પગલું જાણે અજાણે પણ ભરવાના પ્રલોભન-માંથી મને ઉગારી લેજે!"

આત્મ-નિરીક્ષણ પૂરું થયું. પછી સાંભરી સરકાર. સરકારની આ ચાલબાજી પર લાજપતરાય હસી પડયા. સરકારને એના જાસુસોએ આવી સજ્જડ થાપ દીધેલી દેખીને લાજપતરાયને બડી રમૂજ ઉપજી.

સૂર્યદેવ નમ્યા, કારાગૃહના દ્વાર પરના તાળામાં ચાવી ફરતી સંભળાઇ અને અવાજ આવ્યો: "લાજ-પતરાય!"

આવનાર મનુષ્ય ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેન્ટ મી. રૂન્ડલ હતા. એણે કહ્યું "બહાર નીકળો," લાલાજી નીકળ્યા. મોટર તૈયાર હતી. બેસી ગયા મોટર ચાલી. સ્ટેશન આવ્યું. પરોણાને માટે એક સ્પેશ્યલ ટ્રેન ઉભી હતી. હુકમ મુજબ કેદી ડબામાં ચડયા.

રૂન્ડલ બોલ્યો "લાજપતરાય, સાંજની સલામ!"

"સલામ તમને પણ!" કેદીએ સ્વસ્થ ઉત્તર દીધો.

અને ગાડી સુસવાટા મારતી લાહોરની સીમ વટાવવા લાગી. લાલાજી લખી ગયા છે કે "હું માત્ર ટુંકી મુસાફરીએ જતો હોઉં, એવી મારૂં અંતઃકરણ

સાક્ષી પૂરતું હતું. લાહોરને જીવનની છેલ્લી સલામ કરતો હોઉં એવું મને તે દિવસે થયું જ નહોતું."

આર્યાવર્તનો કિનારો પણ અદૃશ્ય થયો અને કલકત્તાથી ઉપડેલી નૌકાએ અગાધ પાણીમાં પંથ કાપવા માંડયો અને કેદી ઉપર એના ગોરા ચોકીદારોની સતાવણી શરૂ થઈ ગઈ. સ્વજનોના વિયોગની અને જન્મભૂમિના અદર્શનની ઉંડી વેદનામાં પહેરગીર પોલીસ કમીશ્નરે આપેલા અપમાનભર્યા વર્તાવનો વધારો થતો ગયો. પરંતુ મૂળ પ્રકૃતિ તો ઘડીઘડીમાં છેડાઈ જવાની હોવા છતાં લાજપતરાયનું વીરત્વ તે દિવસે પોતાના સંગી સમૂદ્ર જેવું જ અક્ષુબ્ધ બની ગયું. પછી ઇરાવદી નદીના આરા વચ્ચે નૌકા દાખલ થતાં તો કેદીએ બ્રહ્મદેશી પુરુષો, ઓરતો અને બાળકોના ચહેરા દીઠા. અંતરમાં માધુર્ય ઉભરાવા લાગ્યું. એ કહી ગયા છે કે

"હું નથી સમજતો કે તે ક્ષણે જ મને શા કારણે બ્રહ્મદેશની ભૂમિ અને પ્રજા પ્રત્યે માયા ઉપજી. કદાચ મારે એ લોકોની દિલસોજી પર જીવવું હતું તેથી: કદાચ મને એક એશિયાવાસી તરીકે આ પ્રથમપહેલો એશિયાઈ મુલક જોતાં આખા એશિયા ખંડની પ્રજાની પરાધીનતાનું સ્નેહભાનું સ્મરણ થયું તેથી: અથવા બ્રહ્મદેશે પોતાનો ધર્મ આર્યાવર્ત પાસેથી મેળવ્યો હોઈને મારો

તેના પ્રતિ ભ્રાતૃભાવ જાગ્યો તેથી : ગમે તેમ હો, મને ન લાગ્યું કે હું અજાણ્યા દેશમાં આવી પડ્યો છું."

સાચો વીર એ, કે જે સાચો વીતરાગ થઈ શકે. કાળાપાણીની સજા ભોગવવા સંચરતા લાજપતરાયને આ રીતે વીતરાગની દૃષ્ટિ ઉઘડી ગઈ. પરંતુ ખરી કસોટી હજુ ચાલી આવે છે. એ પોતે જ નોંધી ગયા છે:

"લાહોરથી માંડલે સુધીની મારી આખી મઝલમાં મારા હિન્દુ ને મુસ્લીમ બન્ને કોમના પોલીસ ચોકીદારોએ મને પ્રેમથી જ નવરાવ્યો છે. એક ખૂબસુરત ચહેરાવાળા નૌજવાન મુસ્લીમ કોન્સ્ટેબલની ઉંડી માયા હું કદિ નહિ ભૂલું. મારી વિપત્તિ પર એ રડતો હતો. પોતાની અને માતૃભૂમિની લાઈલાજીને એ કરૂણ શબ્દે ગાતો હતો. બીજો એક જણ બર્માનાં ઝમરૂખ લાવીને મને આપી ગયો. મેં એને રીઝવવા થોડાં લીધાં. એણે જીદ કરી કે "ના, બધાં જ લ્યો. કોને માલુમ કદાચ આપનું દર્શન છેલ્લી વારનું હશે !" મેં કહ્યું 'ભાઈ, હિમ્મત ધર. પ્રભુ પર આસ્થા ન છોડ. મારો અંતરાત્મા બોલે છે કે હું તૂર્તમાં જ પાછો વળીશ." મારા શબ્દો સાંભળીને હર્ષ–ગદ્ગદિત બનેલા એ પોલીસે મારા પગ ઝાલી લીધા. આજ જીવનમાં પહેલી જ વાર, પાશ્ચાત્ય સુધારાના દંભી ચળકાટથી અલિપ્ત રહેલી એવી હિન્દી હૃદયની ભવ્ય નિર્મળતા એના સંપૂર્ણ અને શુદ્ધ સ્વરૂપે મારા આત્મા પર છવરાઈ

ગઇ. આ એક હિન્દી: મારો વિધર્મી: ગરીબીમાં પીસા- યલી ખેડુ કોમમાંથી વખાનો માર્યો સાત આઠ રૂપી- આની અધમ નોકરી કરવા આવેલો આ ગામડિયો: મારા પ્રતિની વેદના બતાવવાને માટે પોતાનો રોટલો કુરબાન કરવા તૈયાર થયો. આ મુસલમાન સિપાહીઓને મારા વિધર્મી ગણીને મારા પર ચોકી કરવા મોકલનાર સત્તાધીશે કેવી થાપ ખાધી! ....માંડલેમાં એ બધાથી જૂદા પડતાં મને ઘણી વેદના થઇ."

❦

"અરે! આ મારા પગમાં કોણ પડયું છે!"

"મેં જોયું તો ગોખલેજીના 'હિન્દ સેવક સમાજ' વાળા ભાઇ દેવધર: સ્ટેશન છોડું તે પહેલાં તો એ મારા પગમાં બાઝી પડયા છે; ઓચીંતો, મારા કાળા- પાણીના સ્ટેશન પર, એ મિત્રના હાથનો મીઠો સ્પર્શ લાગતાં હું રડી ઉઠત. માંડ માંડ મેં મારા હૃદયને રૂંધી રાખ્યું. ઘલવાર તો મને ભય લાગ્યો, કે ખુદ ગિરફતારી અને હદપારીથી જે સંયમ મેં નથી ખોયો, તે આ કદિ ન ધારેલા મિત્રના ઓચીંતા સ્નેહલ સ્પર્શથી હું ગુમાવી બેસીશ. પરંતુ દેવધરભાઇ મારા પગને હજુ અડકયો ત્યાં તો પોલીસ ઇન્સ્પેકટર દોડયો આવ્યો: એને લાગ્યું કે દેવધર મને છૂટો કરવા મથે છે! એણે મારૂં કાંડું ઝાલ્યું અને એક ગોરા સાર્જન્ટે દેવધરને ઝટકો મારી મારા પગેથી જૂદા પાડયો. એ મિત્રના આલિંગન

પ્રત્યે મારાથી કેવળ મુંગા જ નમન દઇ શકાયા. કેમકે મારા હાથ ઇન્સ્પેકટરના હાથમાં ઝકડાએલા હતા.”

"લાજપતરાય! આ હજામને હજામતના પૈસા કેમ ચૂકવતો નથી?" માંડલેના જે કિલ્લામાં લાજપતરાય કેદ છે, તે કિલ્લાના ગોરા દરોગાએ બૂમ મારી.

"મારી સમજ એવી છે કે ૧૮૧૮ ના ત્રીજા કાયદા મુજબ સરકારે જ એ પૈસા ચૂકવવાના છે, કેમકે એ કાયદાની રૂઇએ રાજદ્વારી કેદી તરીકે મારા દરજ્જા પ્રમાણે મને ભરણપોષણ દેવા સરકાર બંધાએલી છે." કેદીએ શાંતિથી જવાબ વાળ્યો.

"બીલકુલ નહિ, હું આવો કોઇ કાયદો જાણતો નથી. બાકી તો મારો શબ્દ એજ આંહી કાયદો છે. અને હજામત તો વૈભવની વસ્તુ છે. તારે હજામત કરાવવી જ જોઇએ એવી ક્યાં જરૂર છે? સરકાર એવા મોજશોખના પૈસા નહિ આપે. મુસલમાન પોતાનું માથું મુંડાવવાની માગણી કરે એ તો સમજી શકાય તેવી વાત છે, પણ તારે હિન્દુને વળી દાઢી બોડાવવાની શી જરૂર હોય! ઘેર શું તું દાઢી નહોતો વધારતો? ત્યાં શું તું હજામ પાસે બેસતો? હોય નહિ."

જવાબની રાહ જોયા વિના ઉપરાઉપરી આવા સવાલોની ઝડી વરસાવનાર એ દરોગાને ભાન નહોતું કે હજામત જેવી ક્ષુદ્ર વાતમાં એક અત્યંત પ્રતિષ્ઠાવંત

હિન્દી ઉપર એ જૂઠનું આળ મૂકતો હતો. કેદીનું પંજાબી સ્વમાન આ આક્ષેપનાં બાણુથી વીંધાતું હતું. પણ અપમાનોને લાલાજી વીરને છાજતી રીતે ગળી ગયા.

જૂન મહિનો હતો. માંડલેની ગરમી અસહ્ય હતી. પંખા તો બન્ને ઓરડામાં લટકતા હતા, પણ એ તાણનાર કોઇ નહોતું. લાજપતરાયે એક પંખો ખેંચનારની માગણી કરી એ માગણી સાંભળીને ગોરો દરોગો તો ચકિત જ થઇ ગયો. "આંહી માંડલેમાં તો કોઇને પંખા ખેંચનાર રાખતો જાણ્યો નથી. તું નવી નવાઇનો આવ્યો છે!"

"સાહેબ, મારે ખર્ચે રાખવા દો. મારાથી ઉંઘી શકાતું નથી."

ઉનાળાના દિવસોમાં ખુલ્લા ચોગાનમાં સૂવા ટેવાએલ કેદીને છાપરાબંધ મકાનમાં પંખા વગર ઉંઘ આવતી નહિ. આખી રાત હાથમાં પંખો લઇ બેઠા રહેતા. વચ્ચે જરીક ઝોલું આવી જાય ત્યાં પંખો હાથમાંથી પડી જાય. ગરમી થવાથી જાગી જવાય. ફરી પાછો પંખો ઉપાડીને જાગવાનું ચાલે.

તે છતાં ફરી કોઇવાર એણે પોતાની એ માગણી બતાવી જ નહિ. છાનામાના સહ્યા જ કર્યું.

ધૈર્યનો સાગર

જેલના ગોરા દરોગાને રસોડેથી જ જમવાનું આવવા લાગ્યું. પરંતુ લાજપતરાયને એ ફાવ્યું નહિ. એણે કાયદેસર માગ્યું કે "મારી રસોઇ મને જૂદી રંધાવવાની સગવડ આપો." આવી આવી કાયદેસર માગણીઓ સાંભળીને ગોરા અધિકારીને કાળ ચડતો ગયો. એણે રસોયા તરીકે એક નાનો મદ્રાસી છોકરો ગોઠવ્યો. પરતુ ન આપ્યાં પૂરાં વાસણો, કે ન આપે સુકાં લાકડાં. આખરે કેદીનું સીધું પાછું ગોરા દરોગાને રસોડે જ પડવા લાગ્યું, અને લાજપતરાયને શું ખવરાવવું તે નક્કી કરવાની કુલમુખત્યારી સાહેબના બબરચીને જ સુપ્રત થઇ. લાજપતરાય કંઇ ફરતાં ફરતાં શાકદાળ માગે તો સાહેબ કહે કે "કહે બબરચીને." બબરચી ધૂળરાખ જેવી સામગ્રી લાવીને એનું મોટું બીલ કરે, તેને મુંગે મ્હોંયે સાહેબની મંજૂરી મળે. કેદી તરફથી વારંવાર હલકા ખોરાકની ફરીઆદો થતાં

અધિકારી ખીજાઇને કહે કે "તારૂં ખરચ તો મારા કરતાં પણ વધુ આવે છે! સરકારને તારા જેવા નાચીઝ કેદીના વૈભવ શી રીતે પોસાય?"

લાજપતરાય શાંતિથી સમજાવે કે "અરે ભાઇ! બીલ શી રીતે વધે? મારો આહાર તો અત્યંત ઓછો છે."

ખરી વાત એ હતી કે બબરચી લાજપતરાયના બાકી રહેલા ખોરાકમાંથી એક સાર્જન્ટને જમાડી રોજનો એક એક રૂપીઓ રળતો હતો!

એક દિવસ લાજપતરાયે પોતાની થાળી જમ્યા વિના જ પાછી મોકલી. એ ખબર પડતાં જ સાહેબનો પિત્તો ફાટી ગયો; રાતોચોળ બનીને એ ધમી આવ્યો, ધમકી દેવાનું શરૂ કર્યું: "તું તારા મનમાં શું જાણે છે? તેં શા માટે થાળી પાછી મોકલી?"

કેદીએ કહ્યું "મને રૂચીકર હતું તે મેં ખાધું, બાકીનું પાછું મોકલ્યું. મને તમારાથી અમુક જ જાતનો ખોરાક લેવાની ફરજ ન પાડી શકાય. હું કહું છું કે મારે વધુ પ્રમાણમાં તેમજ ફરતું ફરતું શાક જોઇએ છે. તે તમે શા માટે નથી આપતા?"

"એમ! આંહી માંડલેમાં જે શાક નથી ઉગતાં તે શું હું તારે માટે વાવવા બેસું? અને આઠ આઠ બાર બાર આને હું શું તારે માટે કોબીજ મંગાવું?"

"અરે ભાઇ, ફળ, બીસ્કીટ અને મુરબ્બાના પૈસા તો હું મારા પદરથી આપું છું, અને આહાર પણ ઓછો લઉં છું, તો પછી મારી ખોરાકીના વ્યાજબી પૈસામાંથી જ મને ફરતાં શાક કાં ન મળે? આંહી શાક નથી મળતાં એમ કોણે કહ્યું? આ તમારો સાર્જન્ટ જ કહે છે કે મળે છે."

ગોરો દરોગો સાર્જન્ટ તરફ ફર્યો, ભ્રૂકૂટી ચડાવી, કહ્યું, "મારા બંદોબસ્તમાં દખલ કરવાની તારે જરૂર નથી." એટલું કહીને એણે કેદીને ધમકાવ્યો: "ઠીક ઠીક, તારે નોકરો પાસે ફરીઆદ ન કરવી. મારી પાસે જ કરવી. હું તારી માગણીઓ વિચારી જોઇશ."

"ના જી, મારે તો ફરિયાદ કરવી જ નથી. હું તો એટલું જ માગું છું કે મારે પૈસે મને જોઇતી વસ્તુ નોકરો આણી આપે અને એક પંજાબી રસોયો આપો તો પાડ તમારો!"

"ઠીક, પંજાબી રસોયો તને મળે તેવી ગોઠવણ કરીશું."

"મારે માટે નક્કી કરેલ ભથ્થું જો મને જ આપો તો હું જ બધી વ્યવસ્થા કરીશ. હિસાબ પણ હું રાખીશ."

"ભલે, જોઇશું."

એ પ્રસંગ પુરો થયો. તે પછી કદિ પણ એમની સૂચવેલી ગોઠવણ કરવામાં આવી જ નહોતી.

એક તો શરીર રોગીયલ હતું જ, તેમાં ખરાબ ખોરાકે, બફારાએ અને બેઠાડુ દશાએ ઉમેરો કર્યો. ઝાડા થયા. ઉજાગરા થયા. અનેક વ્યાધિઓ કેદીને સતાવવા લાગ્યા.

એવો હુકમ થયો કે સવારસાંજ કેદીએ ચોકીપહેરા નીચે નજીક ફરવા જવું. પરંતુ એના પહેરગીર સાર્જન્ટોને આ વાત અકારી થઇ પડી. રાતે તેઓને જાગવું પડતું હોવાથી સવારમાં વ્હેલા ઉઠવા તેઓ રાજી નહોતા. અને કેદીની સાથે ભરેલી રીવોલ્વર, તલવાર તથા ચોવીસ કારતૂસોનો બોજાદાર પટ્ટો પહેરીને ફરવામાં તેઓને અગવડ પડતી. સાંજે ગોધૂલી પહેલાં તો એ લોકો કેદીને પાછા વળવાની ફરજ પાડતા, માંડલેની ગરમીમાં વ્હેલા ફરવા નીકળવું કેદીને પાલવે તેમ નહોતું.

તેમાં ભળ્યો નવો સંતાપ. કેદી ફરવા નીકળે ત્યારે અનેક દેશપ્રેમી નરનારીઓ રસ્તામાં એને સલામ કરવા લાગ્યા. ગોરા પહેરગીર સાર્જન્ટોને લાગ્યું કે આ સલામ-વિધિમાં કોઇ ગુપ્ત ખુનામરકીના સંકેતો ચાલી રહ્યા છે. એટલે તેઓએ કેદી સામે આ નમસ્કાર કરનારાઓનાં નામ નોંધપોથીમાં લખી લઇ, ધમકી દઇ, અટકાવવા માંડ્યું. છુપીપોલીસના ઓછાયા તેઓની પછવાડે છોડવામાં આવ્યા. એક દિવસ સાંજે સાચેસાચ એ હિન્દીઓને, કેદીના રસ્તા પર આંટા મારવાના આરોપસર પકડીને ચોકી પર લાવવામાં

આવ્યા હતા. એકને તો તાકીદ આપી રજા દીધી, પણ બીજો કે જે શીખ હતો, તેને પોલીસ ઉપરીએ ઉલટતપાસના સપાટામાં લીધો. તું કોણ છે? ક્યાં રહે છે? એ બધું પૂછ્યું. એ બિચારો માજી ઓવર-સીયર હતો ને તે વખતે બર્માના બાંધકામ ખાતામાં કંટ્રાકટર હતો. એને પૂછવામાં આવ્યું "શા માટે તેં આ કેદીને સલામ કરી?"

પેલાએ કહ્યું "એ તો સંત છે, મહાપુરુષ છે. એટલે જ્યારે જ્યારે હું એને જોઉં ત્યારે ત્યારે એને નમન કરવાની મારી ફરજ છે."

"એ નહિ ચાલે. હવે પછી કદી સલામ નહિ કરે તેના હાથમુચરકા આપવા પડશે."

"એ હું નહિ આપી શકું, સાહેબ!" સ્વમાની શીખે સામે સીનો બતાવ્યો.

"ઠીક જાઓ, ફરીવાર આ બાજુ કદિ આવશો નહિ."

એટલું કહીને એને છોડી દીધો. વળતા જ દિવસથી લાજપતરાયે ફરવા જવું બંધ કર્યું અને પોતાના મિત્રોને સવિસ્તર પત્ર લખી વિનવણી કરી કે "કોઇ પણ રીતે બર્મામાં વસતા હિન્દી ભાઇઓને સલાહ પહોંચાડજો કે તેઓ મને સલામ ન ભરે. કેમકે એથી કોઇનું ભલું નથી થતું. તમારાં અપમાન થાય છે ને

મારી મુશ્કેલીઓ વધે છે." પરંતુ આ કાગળને રાજદ્રોહી લેખીને દરોગાએ રોકી લીધો.

ફરવાનું બંધ શા માટે કર્યું, તેનું કેદીને કારણ પૂછાયું. લાજપતરાયે સલામની કથની કહી. ફરીવાર એને ખાત્રી અપાઇ કે "હવે તે લોકોને મના નહિ કરવામાં આવે, માટે ફરવા જવું."

ફરીવાર ફરવાનું શરૂ થયું. પહેરગીર સાર્જન્ટોએ ફરી વાર રંઝાડ આદરી. પણ હિન્દીઓ ન માન્યા. ખાસ કરીને હિન્દી સિપાહીઓ પણ વારંવાર આવી, લાજપરાય દૂરથી હાથને ઇશારે 'ના' સૂચવે છતાં પણ સલામ કરવા લાગ્યા. કેટલાક તો ટુકડીબંધ નીકળે ત્યારે લશ્કરી સલામ પણ ભરતા હતા. લાજપતરાયે એ અટકાવવા ઘણી તરકીબો આદરી: પંજાબીઓને આવતા દેખે કે તૂર્તજ પોતે માર્ગ બદલીને ઉલટી દિશામાં ચાલી નીકળે. જો મકાનની ઓસરીમાં ફરતા હોય તો હિન્દીઓને એ તરફ આવતા દેખી પાછળની ઓસરીમાં ચાલ્યા જાય. છતાં અમૂક લોકો તો લાજપતરાયનાં દર્શન કર્યા વગર ત્યાંથી ખસતા જ નહોતા.

એક વાર એક સજ્જન શીખ રસ્તા પર લાલાજીની રાહ જોઇ ઉભેલો. એને ઓસરીમાં જોતાં જ પોતે નમસ્કાર કર્યા. તૂર્ત એને પકડીને પોલીસના ડીસ્ટ્રી૦ સુપરી૦ પાસે ખડો કરવામાં આવ્યો. એ પાણીદાર હતો. એની અને ફોજદારની વચ્ચે ગરમ ટપાટપી બોલી.

ફોજદારે ગાળો કાઢી, તેનો આ 'ખાલસા'એ પણ ઉગ્ર પ્રત્યુત્તર દીધો. ફોજદાર પૂછે છે કે "સરકાર નાપસંદ કરે છે છતાં તમે શા માટે આ શખ્સને નમન કરો છો?"

જવાબ મળ્યો કે "કોઇ પણ કાયદાની રૂઇએ સરકાર અમને નમન કરતા અટકાવી શકે તેમ નથી."

રોકડા જવાબો ચૂકવનાર એ શીખને છોડી દેવો પડ્યો. પરંતુ લાજપતરાયે આ ગાલીપ્રદાન અને આ ધમકી કાનોકાન સાંભળ્યાં. એનાથી આ સહેવાયું નહિ એ બીજું તો શું કરી શકે? ફરવાનું અધુરૂં મૂકીને એ ચાલ્યા આવ્યા.

એક વખત એક દસ જ વર્ષનો મુસલમાન બાળક પોતાના પિતાની સાથે ફરવા નીકળેલો. દૂરથી લાજપતરાયને દેખી દોટ મૂકીને એ બાળક સલામ કરવા જતો હતો; પાછળથી એને બૂમ પાડીને પિતા વારી રહ્યો હતો કે "કરીશ ના, સલામ કરીશ ના, પોલીસ પકડી જશે."

કેદીને ફરવા માટે મુકરર કરેલા રસ્તા પર કેટલાક યુરોપીયનોના બંગલા હતા. એ બંગલાવાળાને મદ્રાસી હિન્દી નોકરો હતા. આ મદ્રાસીઓને ૩ થી ૧૦ વર્ષ સુધીનાં નાનાં નાનાં બચ્ચાં હતાં. રોજ એ બચ્ચાં લાજપતરાયની વાટ જોઇ ઉભાં રહેતાં. કેદીને નીકળવાનું ટાણું થાય કે તૂર્ત જ એ બધાં બહાર દોડ્યાં આવતાં, રસ્તે ઉભાં રહેતાં. અને કેદીને દેખતાંની વાર જ સલામ ભરતાં. બાળકના પ્રેમી તરીકે પંકાએલા, ખુદ

પોતે પણ બાળક શા હૃદયના લાલાજી સહેજે સામા સલામ કરતા અને કોઇ કોઇ વાર એ બાળકોને થાબડીને પૈસા આપતા. આ બાલપ્રેમમાં પણ એક ચોકીદારને કોઇ ભયંકર કાવત્રાની ગંધ આવી. એણે કેદીને પૂછ્યું "તારે આ બચ્ચાં સાથે કાંઇ સગપણ છે ?"

"ના રે ભાઇ, અગાઉ કદિ મેં જોયાં જ નથી."

"તો પછી તારા તરફ એ આટલાં માન અને મમતા શી રીતે બતાવે છે ? "

એ સવાલના જવાબમાં કેદી એક તિરસ્કારભર્યું સ્મિત જ કરતા. શો જવાબ દેવો તેની પોતાને ગમ નહોતી પડતી.

એક દિવસ પ્રભાતના ચાર વાગે કેદીએ પથારીમાં બેઠા બેઠા ધ્યાન ધરેલું છે. તેવામાં એક પંજાબી શીખે મુલંદ નાદે 'જપજી સાહેબ' નામના ગુરૂ નાનકકૃત ધર્મગ્રંથમાંથી શોભ-પ્રાર્થના ગાવાનું શરૂ કર્યું.

" એય ! ચુપ કરો ! " પહેરા પરના સાર્જન્ટ હાકલ દીધી.

એણે શીખને પ્રાર્થના ગાતો અટકાવી દીધો. કારણ કે પંજાબી ભાષામાં એ શીખ રખે કેદીને કાંઇક છુપી વાતો કહી દેતો હોય એવો એને સંદેહ આવ્યો. વિશેષ ચોકસી કરવા માટે સાર્જન્ટ મેડી ઉપર આવીને

જોઇ ગયો કે કેદી જાગે છે કે ઉંઘે છે! કેદીને એણે જાગતો દીઠો. એનો સંદેહ સબળ બની ગયો.

કેદીના મકાનની બન્ને બાજુએ ખુલ્લાં વિશાળ ચરણોનાં મેદાનો હતાં, કે જ્યાં કિલ્લા માંહેની દેશી પલ્ટનના ગોવાળો ગાયોભેંસો ચારતા હતા. આ ગોવાળીઆ હમેશાં પંજાબી હિન્દુમુસ્લીમ જાતના ગામડીઆ છોકરા હતા. એને પોતાની ભાષા સિવાય અન્ય એકેય ભાષા આવડતી નહોતી. પોતાના વતનમાંથી પેટગુજારા માટે દૂર દૂર ફેંકાએલા, પોતાના ગોઠીઆઓથી વિખૂટા પડેલા અને જાણે કે કાળાપાણીની સજા ભોગવી રહેલા આ ગોપાલ બાળકોને પોતાનાં ગામડીઆં ગીતો લલકારવા કરતાં અધિક આનંદ અન્ય શામાં હોય ? એ મેદાનોમાં ઢોર ચારતા ચારતા આ બિચારા કોઇ કોઇ વાર પોતાનાં દેશી ગીતો ગાતા. પરંતુ એનો સુર સાંભળતાંની વાર જ સંત્રીની ત્રાડ છૂટતી, છોકરા દોટ મૂકી નાસી જતા, અને કેદીના મકાનની લગોલગ ચરવા આવી પહોંચેલી ગાયોભેંસોને પણ હાંકી કાઢવામાં આવતી હતી. કેમકે એ ગોવાળોનાં ગીતોમાં પણ પહેરેગીરોને કોઇ વિપ્લવની ગાથાઓ ભરેલી ભાસતી.

એક દિવસ પ્રભાતના દશ બજેલા: કેદી બીજે માળે ઓસરીમાં બેસીને વાંચે છે. અચાનક એણે એક

લાકડાની ભારીવાળાને ચોગાનના ઉગમણા દરવાજા પર ઉભો રહેતો દીઠો. ભારી એણે ભોંય પર ઉતારી, માથા પરની પાઘડી ઉંચકી, અંદર સંતાડેલાં બે સુંદર ગુલાબો બહાર કાઢયાં, ફુલો હાથમાં રાખીને એણે ચારે બાજુ નજર નાખી, પણ ત્યાં કોઇ નહોતું. ફરી એણે પાઘડી બાંધી. ભારી ઉપાડી અને હાથમાં ગુલાબ લઇ ચાલ્યો. આથમણે દરવાજે જ્યાં સંત્રી ટેલતો હતો ત્યાં આવ્યો. સંત્રીને એણે પૂછ્યું કે "ભાઇ, અંદર લાલાજીની પાસે આ મારાં ફુલોની ભેટ લઇ જઇશ ?"

સંત્રીએ કઠીઆરાને ના પાડી હાંકી કાઢયો. કઠીઆરાએ થોડાં કદમ દૂર જઇ, ઝાડ નીચે ઉભા રહી, લાજપતરાયની સામે મીટ માંડીને જોયા કર્યું. પછી એણે એ ફુલો ઝાડના થડ ઉપર ધરી દીધાં, હાથ જોડીને લાલાજીને દૂરથી નમસ્કાર દીધા અને ચાલ્યો ગયો. થોડી વારે લાલાજીએ પોતાના મદ્રાસી રસોયાને ઝાડ પાસે મોકલી બન્ને ફુલો મંગાવી લીધાં. પોતે લખે છેઃ "મારે મન તો એ ફુલો મારા દેશબંધુના પ્યારનાં પ્રતીકો હતાં."

માર્ગ પર નીકળનારાં હિન્દી કુટુંબો કેદીનું મકાન થોડે દૂર રહેતું ત્યારથી જ પોતાની ગાડીનો વેગ ધીરો પાડી દેતાં. ધીરે ધીરે ગાડીઓ ચલાવીને કેદીના દિદાર કરવાં મથતાં. સેંકડો આંખો એ પુજનીય શરીરની

શોધમાં તીવ્ર વેગે મકાનની બારીએ બારીએ ભમી વળતી, છુપી ચોરીથી એ ભવ્ય મુખનાં દર્શન કરી લેતી, અને પહેરેગીરો વ્હેમ ન પામી જાય તે સારૂ ઘણે દૂર નીકળી ગયા પછી જ ગાડીઓ વેગે ચડતી.

કેદી આ બધાં કરૂણ દૃશ્યો દેખી દેખીને એક તરફ અગાધ દેશપ્રીતિથી પીગળતો, અને બીજી તરફ સત્તાની અધોગત મનોદશા ઉપર ઘૃણા અનુભવતો. જેલ-સત્તા કેટલી નીચી ઉતરી ગઇ હતી! કેદીને સલામ ભરવી એ પણ વર્તમાન શાસનની નજરે અપરાધ હતો.

ધીરે ધીરે જેલના ગોરા દરોગાએ માઝા મેલી દીધી હતી. એનું કર્તવ્ય હતું કે કેદીનાં આરોગ્ય, આહારવિહાર અને જરૂરીઆતો વગેરેની સંભાળ રાખવી. કાયદેસર એ લાલાજીનો દરજ્જો સાચવવા અને એનો દેહ રક્ષવા બંધાયલો હતો. પરંતુ એને મન તો રાજદ્વારી કેદી તે આખરે કેદી જ હતો, અથવા કદાચ પશુ હતો. શરૂશરૂમાં એ રોજરોજ મુલાકાતે આવી તબીયતના ખબર પૂછતો અને વાતો કરતો. પરંતુ પછી તો એ નીચે ઉભો રહીને, અને ઘણી વાર તો દૂર રસ્તા પર ઉભો ઉભો રાડ નાખતો કે

"કેમ લાજપતરાય! તારી તબીઅત સારી છે? તારે કાંઇ જોઇએ છે?"

એ જ પ્રશ્નો: તારી તબીઅત સારી છે? તારે કાંઇ જોઇએ છે? બસ ફક્ત એ જ પ્રશ્નો!

પહેલા પ્રશ્નનો જવાબ જો 'હા જી!' હોય, અને બીજા પ્રશ્નનો જવાબ જો 'ના જી!' હોય, તો એ સંતોષ પામીને ગાડી હાંકી જતો; પણ જો એ અનુકૂલ પ્રત્યુત્તરોમાં કોઇ દિવસ પણ ફેરફાર પડે, તો ત્યાં ને ત્યાં રોષ અને અપમાનનું નાટક ભજવાતું. એવાં થોડાંક નાટક નીચે મુજબ ભજવાયાં હતાં:

કેદીએ વિનતિ કરી કે "મને બર્મી ભાષા શીખવાનું દિલ છે. મારે ખરચે મને પુસ્તકો લઇ આપો."

જવાબ મળ્યો કે "ઉપલી સત્તા તરફથી તને બર્મી ભાષા શીખવા દેવાની મનાઇ થઇ છે."

"કારણ?"

"કારણ હું કે ને ટચ. general political ground: એકંદર રાજદ્વારી કારણસર!"

*

એકવાર લાલાજીએ એક મિત્રને કાગળ લખ્યો કે "હું બિમાર છું."

કાગળ–પત્રનો વ્યવહાર દરોગાની મારફત જ ચાલી શકતો. આ કાગળ વાંચતાં જ ધુંધવાતો ગોરો આવી પહોંચ્યો. કેદીના દરજ્જાને ઠોકરે ચડાવીને જૂઠ્ઠાણાનો આક્ષેપ મૂકી બોલ્યો: 'હાં, હું જાણું છું કે તું બિમાર હોવાનો ઢોંગ કરે છે. એમ કરીને તારે તારા છુટકારા માટે તારા મિત્રો પાસે ચળવળ ઉપડાવવી છે! તું જુઠ્ઠો છે!"

ખામોશ પકડીને કેદી બેસી રહ્યો.

"લાજપતરાય ! તારી તબીયત સારી છે કે ?" દરોગાએ એક પ્રભાતે રસ્તા પરથી બૂમ મારી.

નીચે ઉતરીને કેદીએ પોતાના પગના અંગૂઠા પરનું ગૂમડું બતાવ્યું; કહ્યું કે "જોડા પહેરાતા નથી અને તેથી તાપમાં ફરવા જવાતું નથી."

"ઠીક છે, હું મલમ-પાટો મોકલાવું છું."

બપોર થયા. દવા આવી નહિ. ફરીવાર કેદીએ દરોગાને સંભારી દેવા માણસ મોકલ્યો, પણ જવાબ ન આવ્યો. બીજે દિવસે સવારે રૂબરૂમાં વિનતિ કરી. રોષભર્યો જવાબ મળ્યો કે "મહેરબાની કરીને આટલી બધી અધીરાઇ ન બતાવતો ! મારે બીજાં ઘણાં કામ છે."

તે પછીથી કેદી પોતાનાં દુઃખો અંતરમાં સંઘરીને જ બેઠો રહેતો, વિનતિ કરતો નહિ.

બ્રીટીશ પાર્લામેન્ટમાં હિન્દી સચીવ પર પ્રશ્નોનો હલ્લો ચાલ્યો કે "વિના મુકદ્દમે હદપાર થયેલા કાળાપાણીના કેદીને પોતાનાં સગાંવહાલાં સાથે પત્રવ્યવહાર કરવાની છૂટ છે કે ?"

પેલો ફિલસુફ-રાજનીતિજ્ઞ અને શાંતિવાદી સચીવ મોર્લે જૂઠું બોલ્યો : "હા, પરંતુ એ પત્રવ્યવહારમાં સુલેહભંગ કરનારા સંદેશા ન પેસી જાય તે માટે તેની

તપાસ રહે છે. અને અત્યાર સુધી ફક્ત એક જ કાગળ એ રીતે અટકાવવામાં આવ્યો છે.”

જવાબ દેનારી જબાન જૂઠી હતી. પત્રવ્યવહાર રૂંધવામાં તો જેલના અધિકારીએ લાજપતરાય પર માછલાં ધોયાં હતાં. કેવા નિર્દોષ કાગળો અટકાવવામાં આવેલા તેનો એકજ નમૂનો આપીએ છીએ:

લાહોર તા. ૧૬: અક્ટો: ૧૯૦૭

“માન્યવર બાબુજી,

હું અને ભાઇ આથવલે આનંદમાં છીએ, આશા રાખીએ છીએ કે તમે પણ મઝામાં હશો. લી. માન સહિત

(સહી) જસવંતરાય”

સરકારના પ્રતિનિધિની નજરે આવા અનેક કાગળો સુલેહભંગની સુરંગ સમાન હતા, પણ એને કેદીની આંતર્વેદનાની કદર નહોતી. લાજપતરાયને કેવળ એટલી જ ચિંતા હતી કે “રખેને મારા જર્જરિત પિતા મારી હાલત વિષે ભયભીત બની મારા અને માતૃભૂમિના સ્વમાનને હાનિ પહોંચાડનારૂં કોઇ પગલું ભરી નાખે!” એટલે જ એને પિતા સાથે પત્રવ્યહવારની જરૂર હતી. માત્ર કુશલ–સમાચારની જ અરસપરસ અપેક્ષા હતી. પણ એવા પત્રો આવ્યા પછી ત્રણચાર દિવસ દરોગાના ટેબલ પર પડયા રહેતા. કોના કોના પત્રો એ સદંતર રોકી રાખે છે, તે પણ જણાવતો એ બંધ પડયો હતો. લાજપતરાય એક દાખલો ટાંકે છેઃ

" ૩ જી નવેમ્બરે એણે મને બુમ પાડી નીચે બોલાવ્યો; પૂછ્યું કે તારે કોઇ ધનપતરાય નામનો ભાઇ છે ? અને એ તને મળવા માગે છે ? "

"મેં કહ્યું 'હા જી, જુઓને, મારા પિતાનો કાગળ આવેલો તેમાં લખેલું કે ધનપતરાયે મને મળવાની અરજી કરી હતી અને સરકારે તે નામજુર કરી હતી."

"એ ચાલ્યો ગયો. હુ એના પ્રશ્ન પર વિચાર ચલાવવા લાગ્યો. મેં તુર્ત એને વિનયપૂર્વક ચિઠ્ઠી લખી કે 'કદાચ આપે મારા ભાઇની અરજી વિષે ખબર દેનારો મારો કોઇ કાગળ રોકયો હોય, તો અગાઉ આપ કહેતા તે રીતે મને માત્ર લખનારનું નામ જણાવશો ? હું આપનો ઘણો જ આભારી બનીશ."

"આ કાગળમાં મેં કશું જ અપમાનકારક લખાણ કર્યું નહોતું. બહુ બહુ તો એ માગેલી હકિકત કહેવાની ના પાડશે એવી ધારણા મેં રાખેલી. પરંતુ વાચક ! તને કલ્પના આવી શકે છે, કે આ માણસે, મારા કરતાં ઉમ્મરે નાના અને શિક્ષણે તેમજ સામાજીક દરજ્જે મારાથી કોઇ રીતે ચડિયાતા નહિ એવા આ ગોરાએ મને પ્રત્યુત્તરમાં કેવો ધુતકારી કાઢયો ! વળતી પ્રભાતે એ આવ્યો. હું ઉપરના રવેશમાં ઉભો હતો. નીચે સંત્રીઓ એને સલામ દેતા હતા. એ વખતે એણે નીચે ઉભાને જ રોષભેર બરાડા પાડયા કે 'આવા સામા સવાલો કરવામાં તું સમજે છે શું !

હું તને કાંઇ પૂછું ત્યારે ખબરદાર સામા ઉલટ-સવાલો કરતો નહિ! અસંગત સવાલો કરતો નહિ."

"મેં કહ્યું 'મેં અસંગત ઉલટ--સવાલો પૂછ્યા છે જ ક્યારે? શા માટે નિષ્કારણ રોષ કરો છો?'

"એણે વધુ વરાળ કાઢી: 'હું તારી સાથે વાદ કરવા નથી માગતો. ખબરદાર, ફરી આવું કરીશ નહિ.'

"એટલું બોલીને એ ચાલ્યો ગયો".

માનવી એટલો બધો ઘાતકી બને છે, ત્યારે એના ભક્ષ થયેલા માનવી પર બેમાંથી એક અસર થાય છે: કાં તો એનો વીરાત્મા કાયર બનીને તૂટી પડે છે ને કાં એ પોતાના જાલિમ જેવો જ પિશાચ બનીને બહાર આવે છે. કારાગૃહની એકલદશા આ અધોભ્રષ્ટતાને મદદ કરનારી થઇ પડે છે પણ લાજપતરાય એવી નબળી માટીમાંથી બનેલા નહોતા. એના મનઃસંસારમાં કેવળ એ પોતે અને પોતાનો જાલિમ બે જ જણાં નહોતાં વસતાં. અંગ્રેજ સરકારનું સામ્રાજ્ય ચાહે તેટલું સુવિશાળ હોવા છતાં લાજપતરાયના આત્મ-જગતના સીમાડાનો કબ્જો નહોતું લઇ શક્યું. પ્રતિહિંસા, કિન્નાખોરી કે પુણ્યપ્રકોપ: ત્રણે લાગણીઓને ઓળંગીને એનો પ્રાણ માનવતા તથા ઇશ્વરનાં મહોજ્જ્વલ સ્વપ્નોમાં વિહાર કરતો હતો. એકલદશા એણે પૂર્વે કદિ જ નહોતી ભોગવી. હમેશાં સગાંસ્નેહીઓની ભરચક વસતીની વચ્ચે

જ એના દિવસો વહ્યા હતા. એકલતા એને ખાઇ ગઇ હોત. પરંતુ એ એકાંતની ચીરાડો વચ્ચેથી વહ્યો આવતો જ્યોતિપ્રવાહ એણે છાનોમાનો પીધા કીધો. એ પ્રવાહ વહેવડાવનારાં કોણ હતાં? વેદ, ઉપનિષદ્ અને ગીતાનું અધ્યયનઃ બિલાડીનાં બે બચોળીઆં: અને એક મેના.

બચોળીઆં બન્ને ભાઇબ્હેન હતાં. એકનો રંગ સૂંઠ સરખો, વાઘણુ શો હતો ને બીજાને શરીરે કાળા પટા હતા. કેદીએ એને ખવરાવવા માંડયું. બાઇબ્હેન કેદીનાં પ્રેમી બની ગયાં. પરંતુ તૂર્તજ કેદીને માલૂમ પડયું કે આ પ્રેમમાં કાંટા યે રહ્યા છે. એ ભાઇબ્હેને તો પોતાના નવા ભેરૂ પાસે રાતનો સહવાસ પણ સ્વીકારાવવા જીદ બતાવી. રાતે ભેરૂની પથારીમાં જ સુવા અને મસ્તી કરવાનો આગ્રહ લીધો. કેદીની થોડી ઘણી નીંદ પણ આ નવા દોસ્તોએ હરી લીધી, કેદીએ નિરૂપાયે રાત્રિ થતાં દોસ્તોને બીજા ઘરમાં પૂરી દેવાનું આદર્યું. પણ થોડા દિવસમાં એ ડાહ્યા દોસ્તો પોતાના માનવ–મિત્રની તાસીર સમજી ગયાં અને આપોઆપ રાતે અળગાં રહેવા લાગ્યાં. બન્નેને પરસ્પર ચાટતાં, ચૂમતાં ને ગેલ કરતાં દેખી કેદી મીનીટો સુધી જોઇ રહે અને રાજી થાય, પરંતુ કેદી કહે છે કે "કેટલી અજબ અસંગતિ! ખાવાનુ આપું તે વખતે બન્ને કેટલા ઝનુનથી લડી પડે! જાણે એક બીજાને ફાડી જ ખાશે. પછી મેં નબળાનો પક્ષ લઇ ખવરાવવામાં એની રક્ષા કરવાનું આદર્યું. ધીરે ધીરે એક જ કટોરામાંથી ભેળાં ખવરાવી પીવરાવી મેં એને

ન્યાય અને નીતિના પાઠ ભણાવવા માંડયા. રોજ બે કલાક હું એ બન્નેનો વહીવટ કરવા લાગ્યો, બન્ને વારા ફરતાં મારી ગોદમાં બેસે, ખભા પર ચડે, હાથ ચાટે ને મમતા બતાવે. ઓહો ! એ આખા મકાનમાં મને ચાહનારા બે જીવાત્માઓ જોઇને હું કેટલું સુખ અનુવતો ! ધીરે ધીરે તો તેઓ શાંતિથી ભેળાં જમતાં થઇ ગયાં. આમ એ બે જણાં વચ્ચે શાંતિ અને પ્રીતિ કેળવી શકયાનો મને ગર્વ થવા લાગ્યો."

"મેડીના છાપરામાં આડીઓની ઓથે માળો બાંધીને એક મેનાનું કુટુંબ રહેતું હતું. એ કુટુંબ ગાયન ગાઇને મારૂં મનરંજન કરતું. પરંતુ કમભાગ્યે એક સાર્જન્ટને એ પક્ષીનો શોખ લાગ્યો. માદા તો બહુ હઠીલી હોવાથી એને હાથ ન પડી, પણ એ બે બચ્ચાંને ઉઠાવી ગયો. સાંજરે મા માળે આવી, બચ્ચાંને ન દીઠાં, ગભરાઇને એણે કાળી ચીસોથી તેમજ કરૂણ આક્રંદથી આખું મકાન ગજાવી મૂકયું. થોડા દિવસ સુધી માળાની આસપાસ ટળવળી ટળવળીને આખરે એણે નિરાશામાં સદાને માટે મકાન ત્યજી દીધું. આ રીતે મારા એ ચોકીદાર કે જેનામાં અંગ્રેજ તેમજ હિન્દી બન્ને જાતિની નરી પશુતા જ ઉતરી હતી—તેની નિર્દયતાને પ્રતાપે હું એ માયાળું પંખીની સોબત હારી બેઠો."

"૧૧મી તારીખની સવારે મારાં બે બચોળીઆં મિત્રો બહાર ફરવા ગયાં હતાં, તે વખતે ઓચીંતી

મારી કેદની સજા ખતમ થઇ. ત્વરાભેર મને ગાંસડાં પોટલાં સહિત સ્ટેશન ભેળો કરવામાં આવ્યો. બચોળીઆં-ની વાટ જોવા જેટલો પણ વખત મને ન અપાયો, કેમકે મારે માટે સ્પેશ્યલ ગાડી રાહ જોતી હતી અને પોલીસ અધિકારીઓએ મને ઉતાવળ કરવાનું કહ્યું. એ બંદીખાનું છોડી જતાં મને મારાં નાનાં બચોળીઆં દોસ્તોનો વિયોગ ઉંડી વેદના દેવા લાગ્યો. મારા કારા-વાસ દરમીઆન હું કવિ બાયરનનું 'શીલોનનો કેદી' નામનું કાવ્ય વાંચતો તેમાંથી આ વિયોગે મને નીચેની કડીનું દુઃખદ સ્મરણ કરાવ્યું: શીલોનના કેદીએ છૂટતી વેળા ગાયું હતું કે

'આખરે જ્યારે તેઓ આવ્યા અને મારી બેડીઓ ઉઘાડી નાખી, ત્યારે તો એ પ્રચંડ દિવાલો મને પર્ણ-કૂટી સમી થઇ પડી હતી–મારૂં સર્વસ્વ બની ગઇ હતી. મને લગભગ એમ જ લાગ્યું કે તેઓ આજ મને મારૂં બીજું ઘર છોડાવવા આવ્યા છે. કરોળીઆ મારા મિત્રો બની ગયેલા, અને એનો ઉદાસ અબોલ જાળ-ગુંથણીનો ઉદ્યમ મેં નિરખ્યા કર્યો હતો. ઉંદરોને મેં ચંદ્રને અજવાળે ખેલતા જોયા હતા. અને આજનો વિયોગ મને એ બધાના કરતાં ઓછો વસમો કેમ લાગે! અમે બધાં એક જ ઘરનાં નિવાસી સ્વજનો હતાં અને હું એ દરેક જન્તુની જાતને મારવા જીવાડવાની સત્તા ધરાવતો હતો, છતાં અજબ વાત–કે અમે બધાં

સુલેહથી રહેવાનું શીખી ગયાં હતાં. મારી ખુદ બેડીઓ પણ મિત્રો બની ગઇ હતી. લાંબો સહવાસ આપણને કેવો આપણું અસલ સ્વરૂપ ધારણ કરાવી આપે છે? હું છૂટયો–પણ એક નિઃશ્વાસ નાખીને.'

"પરંતુ આ પ્રકરણ ખતમ કરતા પહેલાં જો હુ મને અગાધ બલ તથા સાંત્વન દેનાર બે વિભૂતિઓને વંદના દેતાં વિસરી જાઉં, તો તો હું નગુણો ઠરૂં. એમાં એક હતા પ્રભુ શ્રીકૃષ્ણઃ મહાન હિન્દી ગુરૂદેવઃ જેણે પોતાની ગીતા માંહેલી અમર ગાથાઓ વાટે મને વ્યવહાર–વિધાના પાઠો ભણાવ્યાઃ અને બીજો સુવિખ્યાત કવિ હાફીઝ, જેણે મને પ્યારના તથા પ્યારને પગલે હંમેશાં ચાલી આવતી વેદનાઓનાં ગાન સંભળાવ્યાં. મારી વેદનાઓ પણ પ્યારમાંથી (સિદ્ધાંતો તથા સ્વદેશ પ્રત્યેના પ્યારમાંથી) જ જન્મેલી હતી ને તેથી જ હાફિઝનાં આરજૂઓ ને આક્રંદો સીધાં મારા હૃદયના મર્મને સ્પર્શતાં અને મારામાં સાંત્વન ભરતાં. હાફિઝને બચપણમાં પિતાજીની સાથે બેસી માણેલો તે કરતાં તો કારાવાસમાં ઘણો ઘણો વધારે રસથી માણ્યો. બીજા અનેક ગ્રંથકારો, જેના ગ્રંથોએ મારા જીવનની આ પ્રથમ પહેલી એકલ–દશામાં મને સંગાથ દીધો, તેનું ઋણ પણ હું કેમ ભૂલું? જેને જેને જીવનની હરકોઇ હાલત વચ્ચે પણ આવી મહાન વિભૂતિઓનો પવિત્ર સમાગમ સુલભ છે, તેણે કદિ પણ હતાશ થવાની જરૂર નથી."

સ્વભાવે ઉગ્ર, શરીરે રોગી, સ્થિતિના અમીર અને જાહેર જીવનમાં બિલોરી કાચ શા નિર્દોષ લાજપતરાયે આ સરકારી અધર્મ અને આ અપમાનિત બંદીજીવન-માંથી પણ અપાર જ્ઞાન, શાક્ત ને શાંતિ કામ્યાં, અને કારાવાસ દરમીઆન નાનાથી માંડી મોટા સુધી જેની જેની સાથે પનારાં પડયાં તેની સમાલોચના લેવામાં કેટલો સમતોલ વિવેક દાખવ્યો તેનું દૃષ્ટાંત તો એમણે પોતાના ગોરા દરોગાની સતાવણી પર લખીને દીધું છે;

"હું માનું છું કે એ સાચેસાચ દુષ્ટ નહોતો, એકંદર તો એ મારા આરોગ્ય માટે અત્યંત કાળજી બતાવતો, અને મને લાંબી લટારો લેવાનો આગ્રહ કરતો. મને ખરાબ ખોરાક મળે અથવા મને ભાવતી ચીજો ન અપાય એવી કાંઇ એની ઇરાદાપૂર્વકની ગોઠ-વણ નહોતી; પરંતુ ખરી વાત એ છે કે એ બિચારાને આ તપાસ રાખવાનાં સમય કે સાધન નહોતાં, વળી ત્યાર પછી એને જેલ–સુપ્રી. તથા સીવીલ સર્જન બન્નેની કામગીરીનો બોજો વધ્યો હતો. મને નથી માલૂમ કે એને રાજદ્વારી કેદીઓની સંભાળ બદલ કાંઇ ફાલતુ ભથ્થું મળતું હતું કે નહિ. જો ન મળતું હોય તો પછી મારી સંભાળની તકલીફ સ્વભાવિક રીતે એને ન જ ગમે. ઉપરાંત વળી રાજદ્વારી કેદીઓના સંબંધમાં એટલી બધી ખાનગી રાખવાની હોવાથી પણ એની માથાકુટ વધતી હતી. તે ઉપરાંત એની પ્રકૃતિને વિકૃત કરનાર

મોટામાં મોટું કારણ એ હતું કે એ બિચારો જેલનો ઉપરી હતો. એને હજારો કેદી સાથે કામ લેવાનું હતું. એ કેદીઓ પર એની બહોળી સત્તા હતી. એ કેદીઓ તરફ સભ્યતા બતાવવાનું આવશ્યક નહોતું. કેદીની રોજીંદી જરૂરીઆતનો એનો ખ્યાલ એણે રોજના અનુભવ ઉપરથી બાંધેલો હતો એટલે કોઇ પણ કેદી બરફ લેમન અથવા મેવાની માગણી કરી શકે એ તો એને મન ધૃષ્ટતાની અવધિ સમ હતું વગેરે."

રાજસત્તાએ એને પીંજરે નાખી એનું જોર હણી નાખવાની આશા રાખી હતી. કારાવાસના ગૌરવ તે સમયમાં હજુ સમજાયાં નહોતાં. કાચાપોચાનો જુસ્સો દબાઇ જાય એવો યુગ ચાલતો હતો. પરંતુ લાજપતરાય તો વજ્રમાંથી ઘડેલા હતા. બહાર આવીને એણે ઇશ્વર પાસે કેવી પ્રાર્થના કરી:

"એક હિન્દુ તરીકે પ્રભુ પાસે મારી એકજ પ્રાર્થના છે કે હું ફરી ફરી આ વેદોની ભૂમિમાં અવતાર પામું અને આખી પ્રજાના કર્મ–સમુચ્ચયમાં મારાં અલ્પ કર્મોનો પણ હિસ્સો નોંધાવું."

પોતે વિજયની કલગીથી વિભૂષિત બનીને બહાર આવ્યો. પંજાબના જાટ ખેડુતો પર કરવધારાનો જે સરકારી ખરડો લાજપતરાયના ઉગ્ર કારણ રૂપ હતો, તે તો સરકારે પાછો ખેંચી લીધો ને છેક પાર્લામેન્ટમાં સુદ્ધાં પંજાબ સરકારની ફજેતી થઇ.

અતાગ શક્તિ

બીજાં સાત ચોમાસાં એ પંચ મહાનદની ભૂમિ પર વરસીને ચાલ્યાં ગયાં અને માંડલેની દુઃખ-સરાણ પર સજાઈને બહાર આવેલી તલવાર અવિરત કર્મ-રણમાં ઘુમવા લાગી. ખૂબ ઘુમી, ખૂબ ઘુમી, પણ હદપારીના અને દેશનિકાલીના પગ-ધબકારા એની પાછળ પાછળ ગાજતા હતા. પરદેશની નવી શિક્ષણ-પદ્ધતિઓથી વાકેફ થવા માટે લાજપતરાયનું જાપાન-અમેરિકા જવું: અને પાછળથી મહાયુદ્ધનું ફાટી નીકળવું: સરકારને પંજાબમાંથી યુરોપની રણભોમ પર ગોરા સિપાહીઓની આડે દેવા માટે પંજાબી નૌજવાનોનાં કદાવર કલેવરો હજારોને હિસાબે જોઈતાં હતાં. લાજપતરાયની હિન્દ ખાતેની હાજરી સરકારને પાલવતી નહોતી. એને અમેરિકામાં જ રોકી રખાવ્યા. દેશનિકાલી એને છેક ત્યાં જઈને ભેટી પડી અને વીરોના પણ એ વીરે એનાં જે વધામણાં કર્યાં તે પણ કાંઈ જેવાં તેવાં

નહોતી. માંડલેનો છૂટકારો તો વર્ષે બે વર્ષે પણ સંભવિત દેખાતો, પણ આંહી તો યુદ્ધવિરામની આશા દૂર દૂરના ક્ષિતિજ પર ક્યાંયે કોર કાઢતી દેખાતી નહોતી. 'કુછ પરવા નહિ!' કહીને લાજપતે આ કાળા પાણીનો અનંત સાગર તરવા માંડ્યો. પૈસા નહોતા, ગરીબીમાં ગળાબૂડ બન્યા: હાથે રાંધે: હાથે કપડાં ધોવે: હાથે ઝાડુ કાઢે. ગરીબ હિન્દી શ્રમજીવીઓને ભેગા કરી રાત્રિ-શાળા ભણાવે: દિશાભૂલ્યા હિન્દીઓ માટે "હિન્દ વિષેની માહિતી-કચેરી" ચલાવે: વિદેશીઓની સહાનુકમ્પા મેળવવા 'હિન્દી સ્વરાજ સંઘ' સ્થાપીને ઝુમ્બેશ કરે: હિન્દને વિષે બ્રિટનના પક્ષકારોએ ફેલાવેલાં વિષ ધોવા માટે 'યંગ ઇન્ડિઆ' છાપું ચલાવે: એ બધા માટે દ્રવ્ય મેળવવા ઘરોઘર ભાખે: અખબારોમાં વિશુદ્ધ લેખો લખી લખીને મહેનતાણાં રળે: સભાઓ મેળવે: ચોપડીઓ લખી લખી પ્રગટ કરે: એ તમામ સાહિત્ય લખવા માટે પુસ્તકાલયોનાં સેંકડો પુસ્તકો ફેંદી ફેંદી આંકડા ને હકિકતો ઢુંઢે: અને ઢુંઢી ઢુંઢી લખ્યા કરે: દિવસરાત વચ્ચેના ભેદ ભુંસી નાખીને લખે: નિદ્રાને સદાને માટે રજા આપી રાત્રિભર લેખિની ચલાવે: એના સાથી ડૉ. હાર્ડીકર આજે પણ એ અવિરત ઉદ્યમના ભીષણ માનવ-યંત્રનું વૃત્તાંત લખે છે, તે વાંચી હૈયું દ્રવે છે.

"હાર્ડીકર! બચ્ચા! મારૂં આખું શરીર તૂટી પડે છે. મને ઉંઘ આવતી નથી. હું શું કરૂં? ઓહો! હું ઘેરે જઇ શક્યો હોત!"

એટલું બોલીને અમેરિકામાં હદપારી ભોગવતા લાજપતરાય રડી પડતા, એનો યુવાન સાથી ડૉ. હાર્ડીકર શરીર દાબે, માથે તેલ ઘસે, પણ લાજપતરાયની આંખો ઝંપતી નહોતી. મોડી રાત થાય, હાર્ડીકર થાકે, છેવટે લાજપતરાય પણ નિરાશ થઇને કહે કે "જા બચ્ચા જા ! તું તો હવે સૂઇ જા. સવારમાં તારે ઘણું કામ કરવાનું હશે. તને કયાં સુધી બેસાડી રાખું ? હું વાંચતો વાંચતો કંઇક ઉંઘ લેવા પ્રયત્ન કરીશ, જા ભાઇ !"

લાજપતરાય એકલા પડે, કલાક બે કલાક પથારીમાં પડયા રહે, પછી ઉભા થઇને વાંચવા બેસી જાય. આમ ચુપચાપ રીબાતા અને મહેનત કરીને તૂટી મરતા. એક મીનીટ પણ એણે નકામી નહોતી જવા દીધી.

અમેરિકામાં રહેનારા ઘણાખરા હિન્દીઓ અને વિદ્યાર્થીઓ મુફલિસ હતા. અને હિન્દને કબ્જામાં રાખવા માગતા બ્રિટનો તરફથી હિન્દ વિરૂદ્ધનું પ્રચારકાર્ય ત્યાં ચાલુ જ હતુ. લાજપતરાયનો લેખ છાપનાર પણ કોઇ નહોતુ. એના વ્યાખ્યાનો ગોઠવનાર પણ કોઇ મંડળ તૈયાર નહોતું ? પૈસા કયાંથી રળવા ? શી રીતે પ્રચારકામ પોષવું ? મુંઝવણનો પાર નહોતો. તાબડતોબ લાજપતરાયે 'તરૂણ હિન્દ' નામનું પુસ્તક લખી કાઢ્યું. એના અભિપ્રાયો અખબારોમાં છપાયા. આઠ મહિનામાં એની પ્રથમાવૃત્તિ ઉપડી ગઇ, ધીરે ધીરે અમેરિકાની પ્રજાએ એને પિછાન્યા. એની કલમને અખબારોમાં જગ્યા મળવા

લાગી. એનાં ભાષણો ગોઠવાવા લાગ્યાં. કલબો, શાળાઓ અને યુનીવર્સીટીઓ અને વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન દેવા નોતરતી થઇ. અને 'તરૂણ હિન્દ' નું પુસ્તક તો તાબડતોબ ઇંગ્લાંડમાં જપ્ત થઇ ગયું તે છતાં એક પ્રત એના કિનારા ઉપર પહોંચી ગઇ. લંડનની 'હોમ રૂલ લીગ' શાખાએ એ પુસ્તક કર્નલ વેજવૂડની પ્રસ્તાવના સાથે પ્રગટ કર્યું, વેજવૂડે પોતાને જ ખર્ચે એની અકેક પ્રત પાર્લમેન્ટના એકેએક સભાસદના હાથમાં પહોં-ચાડી અને પરિણામે એની વધેલી ખ્યાતિએ લાલાજીનાં લખાણોની માગ વધારી મૂકી.

અને કેટલી પ્રચંડ ગતિએ લાજપતરાય લખતા વાંચતા! 'યંગ ઇન્ડીઆ' પછી બીજું "ઇંગ્લાંડનું હિન્દ પ્રત્યેનું કરજ" એ નામનું હકિકતોથી ભરપૂર પુસ્તક બહાર પાડયું. એ પુસ્તકમાં લેખકે અવધિ જ કરી નાખી હતી. તે પછી જ્યારે એણે સાંભળ્યું કે હિન્દે બ્રીટનને મહાયુદ્ધમાં ખર્ચવા માટે દોઢ કરોડ રૂપીઆની મફત ભેટ આપી દીધી, ત્યારે તો એનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો. એણે એકજ બેઠકે, ખુરશી પરથી ઉઠયા વિના "મુખ્ય પ્રધાન લોઇડ જ્યોર્જને ખુલ્લો પત્ર" ઘડી કાઢયો. ત્રણ દિવસમાં તો એની નકલો છાપાંમાં પહોંચાડી દીધી, અને તે પછી આવ્યો મોંટેગૂનો વારો : ડૉ. હાર્ડીકર લખે છે કે અમે સહુ ન્યુયોર્કથી વીસ માઇલ દૂરની સેલગાહે જતા હતા. નાની નૌકાના તૂતક પર અમે બેઠા

બેઠા સમુદ્રની રમ્યતા નિહાળતા હતા. પરંતુ લાજપતરાયને સૃષ્ટિસૌંદર્ય જોવાનું દિલ નહોતું. એણે કહ્યું કે "હાર્ડીકર ! લખ, હું લખાવું." મંડયા લખાવવા. સાંજે પાછા આવ્યા ત્યારે એ લાંબો કાગળ તૈયાર હતો.

અનેક તો પત્રિકાઓ લખી કાઢતા. એક લખ્યું "India a Graveyard : હિન્દ, એક કબ્રસ્તાન." એની એક લાખથી વધુ પ્રતો કઢાવી અમેરિકામાં વિનામૂલ્યે વહેંચી. એનાં ઇટાલીયન, સ્પેનીશ, જર્મન, રશીઅન, ફ્રેંચ, ફારસી આદિ ભાષામાં અનુવાદો ઉતર્યા.

એક વાર અમેરિકા રાજ્યની પરદેશ સાથેના સંબંધોની સમિતિએ પરાધીનતામાં પીસાતી નાની પ્રજાઓના આત્મનિર્ણયનો પ્રશ્ન હાથ ધર્યો હતો. લાજપતરાયને એ માટે નિવેદન તૈયાર કરવું હતું. એકજ રાતમાં એણે બાર છાપેલાં પાનાં જેટલું લખાણ લખી કાઢી, પ્રભાતે વૉશીંગટન નગરમાં એ સમિતિ પર પહોંચાડયું.

હકિકતો તો એના ભેજામાં ભરપૂર હતી. આંકડાઓ એની આંગળીઓના આંકા પર રમતા હતા. અને કઇ માહેતી કયા પુસ્તકમાં કયે પાને જડશે તેના પોતે વાકેફગાર હતા. કયાંથી શું મેળવી લાવવું એની અચૂક માહેતીઓ પોતે પોતાના મંત્રીઓને પૂરી પાડતા.

ઝુમ્બેશ ! ઝુમ્બેશ ! અપ્રતિહત નિર્દય ઝુમ્બેશઃ અને યુરોપએશિયાનાં દોડમદોડ પર્યટનોઃ પાંચ વર્ષ

એ ચક્કી પીસી; પીસી પીસીને બચ્ચરવાળ બુઢ્ઢી માતાની માફક એ બુઝર્ગે અનેક હિન્દી યુવકોને ગદરાવ્યા. છતાં પોતે પોતાના પેટગુજારા માટે એ કમાઇમાંથી એક પાઇ પણ સ્વીકારવી શિવનિર્માલ ગણી. ઘેરથી પુત્ર મોકલતો તે પર ગુજરતા. યુદ્ધના સંજોગોમાં એ પૈસા ગણતરી મુજબ સમયે ન પહોંચે તો મુંઝાઇને રડતા. અને છતાં તે ટાણે કોઇ હિન્દી યુવક આવીને ગરીબી ગાવા લાગે તો ગજવામાં હાથ નાખીને છેલ્લો શીલીંગ સુદ્ધાં એને આપી દેતા. એ માટે લાજપતની આ બીજી વારની હદપારી પણ બ્રિટનને ભારે પડી ગઇ. એના અધર્મોને આ કેદીએ ઢોલ પીટાવી પીટાવીને જગજાહેર કર્યા. આ બંદીવાને તો પાંચ વર્ષમાં હિન્દના પ્રશ્નને આંતર્‌-રાષ્ટ્રીય મહત્તા અપાવી દીધી. અને યુદ્ધ વિરમતા પાછા વળ્યા ત્યારે કેટલું અવિજેય જોર, કેટલો અદમ્ય ઉત્સાહ, કેટલો બીવણુ નિશ્ચય લઇને એ હિન્દને કિનારે ઉતર્યા ! મુંબઇનગરી એને માન આપવા મળી હતી, તેની સમક્ષ એણે કહ્યું કેઃ

"મારા કાર્યની પવિત્રતામાં પૂર્ણ શ્રદ્ધાભેર હું પાછો સ્વદેશ આવું છું

"પૃથ્વી પર એવી કોઇ શક્તિ નથી કે જે આપણને આપણા હક્કો પાછા હાથ કરતા અટકાવી શકે."

"બીજાઓ આપણી ઇચ્છા વિરૂદ્ધ આપણી પાસેથી ઝૂંટી જાય તે કરતાં તો આપણે મેદાનમાં મરી ખૂટશું."

"આપણે ટુકડા નથી જોઇતા, આત્મા જોઇએ છે."

"આ છ વર્ષ દરમ્યાન હું આખી પૃથ્વી ઘૂમી વળ્યો છું. જગતની ત્રણ આત્મશાસિત મહાપ્રજાઓને- જાપાન, અમેરિકા અને ઇંગ્લાંડને-મેં નિરખી લીધી છે. અને હું તમને ખાત્રી આપું છું કે કદાચ વર્તમાન જ્ઞાનની આવશ્યકતા બાદ કરતાં આપણે એમાંના કોઇથી ઉતરતા નથી. જાહેર કે ખાનગી, કોઇપણ જીવનના કોઇપણ વિભાગ પરત્વે આપણે જગતની કોઇ પણ પ્રજા કરતાં કમ નથી. આપણે શામાં ઉતરતા છીએ? ઐક્ય સાધવાની શક્તિમાં, અર્વાચીન સાધનોને અનુકૂળ થવાની સમાધાન-વૃત્તિમાં, અને વર્તમાન રાજનીતિના કૌટિલ્યમાં."

વીરાંગના વીરને શોધે એમ ગિરફતારી હજુ પણ લાજપતરાયની શોધે ચડી હતી. અને આ વખતે તો એ જ વરસોને ટુંકે ગાળે એણે એ વીરને પકડી પાડયા.

૧૯૨૨ના ડીસેમ્બર માસની ૩જી તારીખ હતી. નાગપૂરની મહાસભામાં અસહકાર મંજૂર થઇ ગયો હતો. જેલોમાં હિન્દી નૌજવાનો અને નેતાઓ કીડાની માફક ખદબદતા હતા. પંજાબમાં સભાબંધીનો કાનૂન ચાલતો હતો. લાહોરમાં મહાસભાની સમિતિ બંધ બારણે બેઠી હતી. ચાલીસ સભ્યો સિવાય કોઇને પણ-પટાવાળા કે કારકૂન સુદ્ધાંને પણ લાજપતરાયે હાજર રહેવા દીધા નહોતા. એ રીતે આ સભા સાર્વજનિક સભાબંધીના

કાનૂનની ચુંગાલમાં કોઇ પણ ન્યાયે આવી શકે તેવું નહોતુ. લાજપતરાય નિશ્ચિંત હતા.

ત્યાં તો પોલીસના હાકેમની સાથે ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ મેજર ફેરાર આવી પહોંચ્યાં. મહાસભાના મકાનને ઘેરો ઘાલ્યો અને માજીસ્ટ્રેટે આજ્ઞા દીધી કે "આ જાહેર સભા છે. મારો આદેશ છે કે આ સભાને વિખેરી નાખો."

પ્રમુખની ખુરશી પરથી હુંકાર કહીને લાજપતરાયે જવાબ દીધો: "હું આ સભાના પ્રમુખ તરીકે કહું છું કે આ સભા જાહેર નથી અને તેથી હું એને વિખેરવાની ના પાડું છું."

"આ આદમી કોણ છે?" માજીસ્ટ્રેટે કોઇને ધીરે અવાજે પૂછ્યું.

"હું લાજપતરાય છું—હું આ સભાનો પ્રમુખ છું. હું જાહેર કરું છું કે આ સભા ખાનગી છે. છતાં તમારે મને ગિરફતાર કરવો હોય તો આ રહ્યો હું."

એટલું કહીને લાલાજી પોતાના ચાલીસ સાથીઓ તરફ ફર્યા ને બોલ્યા "તમારામાંથી જેને જવું હોય તે સુખેથી ચાલ્યા જજો. હું એકલો આ હુકમનો અનાદર કરીને સભા ચલાવવા માગું છું." ચાલીસમાંથી એક પણ સભ્ય ન જ ચસક્યો. અને એ મુંગો પ્રત્યુત્તર પોલીસને માટે પૂરતો જ હતો. હાજર રહેલામાંથી

પ્રમુખને કેદ પકડી લીધા. રાજદ્રોહી સભાનો કાયદો લાગુ પાડી લાલાજીને છ માસની સજા કરી; બીજી કલમ ૧૪૫મી લાગુ પાડી એક વર્ષની સખ્ત મજૂરી સાથેની કેદ દીધી. એ સમયે એ બુઝુંગ વીર પોતાના દેશવાસીઓ પ્રતિ કેવો સંદેશો મોકલાવે છે:

"હું તો અમેરિકાથી નીકળતી વેળા જ વિચારતો હતો કે જેલની બહાર હું થોડોક જ વખત રહીશ. હું તો મારી ગિરફતારી પર ખુશ છું, કેમકે મારું ધ્યેય પવિત્ર છે. મેં જે કાંઇ કર્યું છે તે આત્મા તેમજ પરમાત્માની ઇચ્છાને અનુકૂળ જ કર્યું છે. મારો માર્ગ નીતિનો જ છે. એવો મને વિશ્વાસ છે કે આપણા ઉદ્દેશની સિદ્ધિમાં જરૂર આપણને સફળતા મળશે. મને એ પણ આસ્થા છે કે હું જલ્દી જલ્દી પાછો આવી તમારી સેવા ઉઠાવીશ. અથવા કદાચ એમ ન બને તો પણ હું તમને ખાત્રી આપું છું કે હું મારા માલિકની સન્મુખ ખડો થઇ જવા પણ આતુર છું. હું તો એક કમજોર માનવી છું. મારામાં મહાત્મા ગાંધીના જેવી પવિત્રતા નથી. ઘણી વાર હું મારા ગુસ્સાને રોકી શકતો નથી. હું એમ પણ નથી કહી શકતો કે મારા દિલમાં કોઇ વાંચ્છના કામ નથી કરી રહી. અલબત, હું આટલું કહી શકું છું કે મેં મારા સ્વદેશની અને મારી જાતિની સેવાને હમેશાં મારી સન્મુખ રાખેલ છે. અને જે કાંઇ કર્યું છે તે એ જ ધુનમાં કર્યું છે. હું જાણું છું કે

કર્તવ્યપાલન કરવામાં મેં ઘણી ઘણી ભૂલો કરી છે, અને વારંવાર મારા ઘણા દેશવાસીઓ પર આકરા હુમલા કર્યા છે. હું એ સર્વની ક્ષમા માગું છું. તેઓ સહુ—અને ખાસ કરીને મારા વિનીત તથા આર્યસમાજી ભાઈઓ મને માફી આપે એજ મારી યાચના છે.

અભય

વેદના ગાનારાઓએ સપ્તસિંધુને તીરે બેસી 'અભય'ની ગાથાઓ લલકારી મા ભૈઃ મા ભૈઃ ડરીશ ના! કોઈથી ડરીશ ના! એવા મંત્રો ગવાડયા. 'અભય'નું એ ગાન વિશ્વનું મહાગાન મનાયું છે. અન્ય એકેય ધ્વનિ એ 'અભયન'ના નાદ થકી ઉંચેરો જાણ્યો નથી. 'અભય' સિવાય અન્ય મુક્તિ પણ સરજાયલી નથી. જગતનો મનુષ્ય પગલે ને ડગલે ભયભીત બની જીવતા નરકનો અનુભવ કરે છે. માનવી જ્ઞાતિથી ને જાતિથી ડર્યો છે, ધર્માચાર્યોથી કંપ્યો છે, રાજસત્તાથી થરથર્યો છે, વિરોધીઓના નિંદા–પ્રલાપથી એ નાહિમ્મત બન્યો છે, ભય પામીને એણે પોતાની એબો છુપાવી છે, વિચાર–સ્વાતંત્ર્યને રૂંધ્યું છે, મનની નબળાઈને ભલમનસાઈના રંગે રંગી છે, અને સ્વાર્થ સિદ્ધિને વ્યવહારકુશળતાનાં વસ્ત્રો પહેરાવ્યાં છે. સંસાર આવા

ક્ષુદ્ર મનુષ્યોથી ખદબદી રહ્યો છે. કોઇ કોઇ પુરૂષસિંહ પાકયો છે, કે જેણે વેદ-ગાયેલા એ 'અભય'ને જીવનમાં ઝીલ્યું હોય. લાજપતરાયના જીવનની પળેપળ એ અભય નાદને સાર્થક કરી ગઇ છે. જીવનના એકેય ક્ષેત્રમાં કોઇની શેહમાં અંજાઇ જઇ પોતાને સૂઝેલું સત્ય ઉચ્ચારી કાઢતાં એ અટકયા નથી. એની સમાધિ પર બસ એજ બોલ લખાવવો ઘટે છે—અભય!

જીવનમાં પહેલીવાર એ નિર્ભયતાનો નાદ એણે ૧૮૮૮ માં ત્રેવીસ જ વર્ષની યુવાન વયમાં ઉચ્ચાર્યો: પોતાના રાજકારણી ગુરૂદેવ સર સૈયદ અહમદની સામે: એકત્રિત આર્યાવર્તનાં સ્વપ્નો સેવનાર હિન્દુ અને મુસલમાન કોમને પોતાની જમણી ને ડાબી આંખો કહેનાર અને દયાનંદે વેદ માટે કર્યું તેવી રીતનું કુરાનનું બુદ્ધિગમ્ય વિશાળ ભાષ્ય તૈયાર કરનાર એ મહાન મુસ્લીમ સૈયદ અહમદ લાજપતરાયના આરાધ્ય દેવતા હતા. એને ચરણે બેસીને પિતાપુત્રે હિન્દી રાષ્ટ્રવાદની દીક્ષા લીધેલી. પરંતુ ૧૮૮૫ માં મહાસભાનો પાયો નખાયા પછી એક દુર્ભાગ્ય-દિનનો સૂરજ ઉગ્યો: સૈયદ અહમદને 'સર' ની પદવી મળી. એણે પાસું બદલ્યું. કુરાનના ઉદાર અર્થ કરવા છોડીને એ પુરૂષ કોમી ઝનૂન જાગૃત કરવા બેઠા. ઐકયનું સ્વપ્ન ઉડી ગયું. વીસ વરસના લાજપતે જોયું કે પોતાની આરાધ્ય પ્રતિમાના ટુકડા થઇ ગયા. એણે સર સૈયદ પર ખુલ્લા પત્રો લખ્યા: સર સૈયદની

નવી પ્રવૃત્તિને એણે ધિક્કારી કાઢી. પરંતુ એ ધિક્કાર કોઇ દુશ્મનનો, ગુસ્સા ને દ્વેષથી ભરેલો સસ્તો ધિક્કાર નહોતો. એ તો ઘવાયલા મિત્ર–હૃદયના રૂધિર વડે લખાએલો, બહુમૂલો તિરસ્કાર હતો.

" કોણ છે આ લાજપતરાય ?" તાડૂકીને એક આદમીએ કરડો અવાજ કાઢયો.

એ અવાજ ફિરોઝશા મહેતાનો હતોઃ ઇ. સ. ૧૯૦૪નું વર્ષ હતું. મુંબઇ મુકામે મહાસભા મળી હતી. મુંબઇના શેર સર ફીરોઝશાહની આણ વર્તતી હતી. એના પ્રભાવશાળી વ્યક્તિત્વના તાપમાં દેશના તમામ નેતાઓનું તેજ કરમાતું હતું. પોતાની દલીલશક્તિના અગ્નિ વડે એ ડોસા સહુ કોઇને ડારતા હતા. એની સામે ઉઠનારની આબરૂના કાંકરા થઇ જતા. પરંતુ આ અધિવેશનમાં એને પોતાનો પ્રતિસ્પર્ધી લાધ્યો. વિષય સમિતિની બેઠકમાં મહાસભાના બંધારણનો પ્રશ્ન સળગ્યો હતો. વૃદ્ધ ફીરોઝશાહ શહેનશાહી અવાજે તાડૂકી ઉઠયા કે "મારા મંતવ્ય ઉપર આટલી ધૃષ્ટ ટીકા કરનાર આ લાજપતરાય કોણ છે ? "

' હું છું એ લાજપતરાય ! ' કહેતો ચાલીસ વર્ષનો પંજાબી નેતા એક ખુણામાંથી વિદ્યુત્ વેગે ખડો થઇ ગયો. એની મુખમુદ્રામાં હિમ્મત અને ગૌરવ ઝલકી રહ્યાં છેઃ પંદર મીનીટ સુધી એણે ફીરોઝશાહના પંથભૂલ્યા વિચારો પર વાગ્ધારા ચલાવી. વિનયનો દોર ચૂકયા

વગર એના એકેએક મુદ્દાને તેજસ્વી દલીલોથી ચૂર્ણ કર્યો. ફીરોઝશાહે જીવનમાં પહેલી જ વાર તે દિવસે હાર ખાધી. પાંચ હજાર વર્ષનો જૂનો વેદગાયો 'અભય' દેશનેતાઓએ જીવન્ત માનવીને રૂપે દીઠો.

'અભય'નાં મૂલ ચૂકવવાં અઘરાં હતાં. એ દિવસોમાં આજીજી, અરજી અને કૃપાયાચનાના જ ઠરાવો થતા હતાં. પરંતુ કાશીની મહાસભામાં એ ભિક્ષા-યુગના કાળની અંદર, ૧૯૦૫ મે વર્ષે લાજપતરાયે પંજાબમાં વર્તતી દમન-નીતિ પર પોતાની તલવાર શી તાતી તિરસ્કાર-ધારા ચલાવી. 'અભય'નાં મૂલ એણે છ માસ સુધીની હદપારી વડે અને માંડલેના કારાવાસની વેદનાઓ વડે ચૂકાવ્યાં.

પોતે ઇંગ્લાંડ ઉપડયા છે. ૧૯૦૮નું વર્ષ છે : બ્લૅકબર્નના સભામંડપમાં શ્રોતાવર્ગ ઠાંસોઠાંસ ભરાયો છે. લાજપતરાય જાણે છે કે હિન્દ ઉપર સાચું શાસન લૅંકેશાયર અને માન્ચેસ્ટરનું જ ચાલી રહ્યું છે. પાર્લામેન્ટ અને પ્રધાનમંડળ આ બે નગરોના માલ-માલિકોની ભ્રુકુટીની કમાન પર ચાલે છે : અને અગાઉ કોઈ હિન્દીને મ્હોંએથી આ સુંવાળી ચામડીના હિન્દશોષક વેપારીઓએ અસભ્ય બોલ સાંભળ્યા નથી : સાંભળે તો સહન કરે કે કેમ તેનો સંદેહ છે. છતાં લાજપતરાય ના 'અભય'નો પ્યાલો પી કરીને મસ્ત હતા. પોતાનું શું

થશે તેની એને ખેવના નહોતી. એ બોલ્યા : વેદનાના સ્વરો થકી ગુંજતા અવાજે એણે અંગ્રેજી વાણી પરનું પ્રભુત્વ વહેતું મેલ્યું : "હું આંહી બ્રિટીશ પ્રજા કે બ્રિટીશ સરકારની પાસે કશું ભીખવા માટે નથી આવ્યો: કેમકે હું માનું છું કે મારા દેશને ભીખવાથી અથવા પ્રાર્થના કરવાથી કશું નથી મળવાનું. હું તો આંહી આવ્યો છું તે ફક્ત તમને જણાવવા માટે, કે તમારૂં મહાબ્રિટન હિન્દ તરફ કેવી રીતે વર્તન ચલાવે છે, અને હિન્દને કેવી રીતે લૂંટે છે!"

આ શબ્દો પૂરાં વીસ વર્ષ પૂર્વે બોલાયા હતા. શત્રુના ઘરના ઉંબરામાં ઉભીને ઉચ્ચારાયાં હતાં. તે દિવસોમાં એ બોલનું મૂલ ભયંકર અંકાતું હતું.

મહાત્મા ગાંધીજીની બોલબાલા હતી. 'બાપુ'નો પડ્યો બોલ દેશભરમાં ઝીલાતો. એ પુરુષની નરમાશની અંદર પણ એવું તેજ સંઘરાયું હતું, કે ભલભલાઓના હોઠ ફફડીને અણઉઘડ્યા રહેતા. એ પ્રતાપ કરડી મુખમુદ્રાનો, કતલ કરતી જીભનો કે સામાની પ્રતિષ્ઠા હણતી એકચક્રી કાર્યપદ્ધતિનો શીરોજશાહી પ્રતાપ નહોતો, પણ વિશુદ્ધ જીવનના આત્મસમર્પણનો સત્યાગ્રહી પ્રતાપ હતો. તેથી જ એની સામે બોલવા ઉઠવું ૧૯૨૦ના એના દેશવ્યાપી સત-દાવાનળને સમયે સહેલું નહોતું. એવે ટાણે કલકત્તાની અસાધારણ મહાસભાના અધિવેશનમાં અસહકારનું સમર્થન કરતાં મહાત્માજી બોલ્યા

કે "હું સ્વરાજ કરતાં પણ રામરાજનો પક્ષકાર છું. જો પંજાબના હત્યાકાંડનું અને ખીલાફતના અન્યાયનું પ્રાયશ્ચિત્ત બ્રિટિશ સરકાર કરી કાઢે અને એ બે મુદ્દાઓ ઉપર પ્રજાને સંતોષી લ્યે, તો મારે એની સામે કશું કહેવાનું રહે નહિ વગેરે."

"ના જી!" કહેતા લાજપતરાય પ્રમુખસ્થાનેથી ઉછળી પડ્યા, "મારે તો સ્વરાજને જ ખાતર સ્વરાજ જોઇએ છે. પરદેશીઓ છો ને દેવના દીકરા હોય, છો ને એમની સામે આપણે એક પણ ફરીઆદ ન હોય, છતાં મારે તો હિન્દની ઉપર હિન્દનું જ રાજ જોઇએ છે. મારે રામરાજ નથી ખપતું."

ગાંધીયુગના તપતા મધ્યાહ્ને બોલાગેલા આ શબ્દો છે.

Brut lly frank : નિષ્ઠુરતાપૂર્વક નિખાલસઃ એ એમણે પોતાને માટે તેમજ પોતાની સમસ્ત પંજાબી બોલાદને માટે સ્વીકારેલું વિશેષણ પોતે જીવનના આખરકાળ સુધી સાર્થક કરી બતાવ્યું છે.

ઔદાર્ય

ઇ. સ. ૧૯૦૭માં જ્યારે લાજપતરાય એક સૈકા–જૂના કાયદાના બહાના નીચે પહેલવહેલા રાજદ્વારી કેદી તરીકે હદપાર થયા અને માંડલેમાં ગિરફ્તાર પડયા, ત્યારે એના આર્યસમાજી સાથીઓને હાથે એને અન્યાય મળેલો. એની સામે એક પણ ગુન્હો પૂરવાર નહોતો થયો. એના ઉપર એક પણ આરોપ નહોતો મૂકવામાં આવ્યો. કોઇ સાક્ષીપૂરાવો રજૂ નહોતો થયો. પોતાનો બચાવ કરવાની તક એને નહોતી અપાઇ. ઓચીંતા એક દિવસ પ્રભાતે લાહોરની પોલીસે એને ફોસલાવી એની જ મોટરગાડીમાં ઉઠાવ્યા. સ્પેશ્યલ ગાડી જોડી, પડદા વીંટી, સુસવાટ કરતા માંડલે પહોંચાડી ત્યાં એના જીવનને અપમાનભર્યાં આચરણ વડે રીબાવ્યે રાખ્યું. એના કુટુંબને રઝળતું કર્યું. એના વૃદ્ધ પિતાની પાછળ જાસૂસો

ગોઠવાયા. એનો પત્રવ્યવહાર રૂંધ્યો. તે વખતે એના મિત્રોની ફરજ તો હતી એની નિર્દોષતા ગજવવાની. એના જ દ્રવ્યથી તેમજ એના જ પ્રયાસથી પોષાએલા આર્યસમાજનું કર્તવ્ય તો એના પરનો અખંડ વિશ્વાસ તે સમગ્રે પુકારી ઉઠવાનું હતું. તેને બદલે આર્યસમાજના આગેવાનોએ શું કર્યું ! પંજાબ-ના ગવર્નર પાસે એક પ્રતિનિધિમંડળ મોકલ્યું: એ પ્રતિનિધિમંડળે સરકારને જાહેર કર્યું કે લાજપતરાયની સાથે અમારા સમાજને કશો સંબંધ રહ્યો નથી. એટલે કે આડકતરી રીતે તેઓએ પોતાના નિષ્પાપ ભેરૂના શિર પર એની રાજકારણી પ્રવૃત્તિઓ પરત્વે તિરસ્કાર ઢોળ્યો. એમ કરવામાં કદાચ તેઓની મતલબ આર્ય-સમાજને સરકારી દમનનિતિના પંજામાંથી ઉગારી લેવાની હશે. પરંતુ એવો ઉગાર શોધવા જતાં આર્યસમાજના સ્થંભ લાજપતરાયનું બલિદાન દેવાયું. જ્યારે લાજપતરાય દેશવટેથી પાછા ફર્યા ત્યારે એને આ કિસ્સાની જાણ થઇ. સરકારી સિતમ કરતાં વધારે મોટો આઘાત એને આ મિત્રોના કાર્યથી લાગ્યો. બાબુ બિપીનચંદ્રપાલ લખે છે કે "આવા સંજોગોમાં, જે મિત્રોનો ધર્મ એને પડખે ઉભા રહી એના સત્ય અને સ્વાતંત્ર્યની આરા-ધનાને કારણે એના પર આવી પડેલી શિક્ષામાં સાથ પૂરવાનો હતો, તેજ મિત્રોએ ઉલટા ખસી જઇ તિરસ્કાર દેતા દેખ્યા પછી પણ ક્ષમા આપવી, એવી મનની મોટપ તો ભાગ્યે જ બીજા કોઇને માટે શક્ય હશે.

પણ લાજપતરાયને તો મેં એ મિત્રો તરફ લેશ માત્ર કડવી લાગણી ધરાવતા દીઠા નથી."

એ મન-મોટપ કેવી હતી? લાજપતરાયના શબ્દો જ જવાબ દેશેઃ—

"કેટલાક લોકો કહે છે કે મારી ગેરહાજરીમાં આર્યસમાજે મારા પ્રત્યે દિલસોજી નથી દાખવી; અને આજે પણ મારા પર એક કાગળમાં લખાઇ આવ્યું છે કે જો આર્યસમાજીઓની મારા પ્રત્યે સહાનુભૂતિ ન હોય તો મારે જલદી એનાથી છૂટા થઇ જવું. ઇશ્વરની સાક્ષીએ હું કહું છું કે હું આર્યસમાજમાં આગેવાનીને લોભે નહિ પણ મારા જીવનને પવિત્ર બનાવનારા એના સિદ્ધાંતોને ખાતર જ દાખલ થયો હતો. જો મેં એને માટે કશું કર્યું હશે, તો તેથી મેં મારા જીવનને વિશુદ્ધ બનાવ્યું છે. જે કાંઇ અલ્પ શુભ તત્ત્વ હું આજે ધરાવું છું તે મારા માતાપિતા તથા આર્યસમાજને જ આભારી છે. * * * માટે એ હજારોમાંથી જો કોઇએ પણ મારી નિન્દા કરી હોય, તો આ વ્યાસપીઠ પરથી પ્રભુની સાક્ષીએ હું એને ક્ષમા આપું છું. આજે વિવાદનો કે પરસ્પર કૃતઘ્નતાના આક્ષેપોની ફેંકાફેંકીનો નહિ, પણ પરસ્પર ભેટી લેવાનો સમય છેઃ છેલ્લાં પચીસ વર્ષ સુધી મેં આર્યસમાજની યત્કિંચિત સેવા કરી છે. જો કે હું મારા આટલા ઉપકારક ધર્મનો ત્યાગ નથી કરી શકતો. તે છતાં જો આર્યસમાજનો કોઇ નેતા એમ કહે કે

મારા રાજકારણી વિચારથી સમાજને સહન કરવું પડયું છે, તો હું આ ક્ષણે જ સમાજ સાથેનો મારો સંબંધ છેદી નાખવા તૈયાર છું.”

સાચા નિરભિમાન વીરપૂજા એમણે ઇ. સ. ૧૯૦૭માં સ્વ. ગોખલેજીની લાહોર ખાતેની પધરામણી વખતે કરી દેખાડી હતી. હજારો લાહોરી પ્રજાજનોએ સ્વ. ગોખલેજીનું સ્વાગત કર્યું. સ્ટેશન પરથી સરઘસ કાઢયું. એ સરઘસની અંદર લાલાજી કયાં હતાં ? બેઠા હતા તો ગાડી ઉપર, પણ ગોખલેજીની જોડમાં નહિ; સામેની ગાદી પર પણ નહિ; એ તો કોચ-બોકસ પર બેસીને અતિથિદેવની ગાડીના ઘોડાને હાંકી રહ્યા હતા. ગોખલેજીની કશી વિનતિ કે આજીજી કામ નહોતી આવી. પોતાનાથી ઉલટી જ જાતના રાજનૈતિક આચાર-વિચાર ધરાવનાર બંધુનેતાની પણ આવી પરોણાચાકરી કરીને લાલાજીએ બતાવી દીધું હતું કે મત-સહિષ્ણુતા અને મનની મોટપ કેવી હોઇ શકે.

ફરીવાર ૧૯૧૩માં ગોખલેજી સાથેનો ઉજ્જ્વલ પ્રસંગ બની ગયો. બન્નેની વચ્ચે રાજનૈતિક વિચારોનાં તો આડાં વહ્યાં જતાં હતાં. પરંતુ એ વિચાર-ભેદથી ગુણદર્શન ઢંકાય તેવું અંતર લાલાજીનું નહોતું. હકિકત એમ હતી કે દક્ષિણ આફ્રિકામાં મહાત્માજીએ સત્યાગ્રહ માંડ્યો હતો. ગોખલેજી એમને માટે આંહી ફાળો ઉઘરાવી રહ્યા હતા. એમણે કોઇ સ્નેહીની મારફત કહે-

વરાવ્યું કે "લાલાજી મને પંજાબમાંથી રૂ. દસ હજાર કરી આપશે ?"

લાલાજીએ એ મિત્ર દ્વારા જવાબ મોકલ્યો: "આપ પોતે જો પધારો તો દસ નહિ પણ વીસ હજાર મેળવી આપું; અને નહિ તો એક ફુટી બદામ પણ મેળવી આપવાનો નથી."

મિત્ર પૂછે છે કે "હેં લાલાજી, ગોખલેજીને તેડાવવા માટે આટલી બધી જેહમત કાં ઉઠાવી રહ્યા છો ?"

હસીને લાલાજી બોલ્યા "ઓ ભાઇ ! ગોખલેજી જેવા પુનિત નરને મારે આંગણે તેડું કરવાનો આથી વધુ રૂડો બીજો કયો અવસર આવવાનો હતો ?"

ગોખલેજી ગયા. લાલાજીએ કામ શરૂ કર્યું. વીસ નહિ પણ ચાલીસ હજાર રૂપીઆ મેળવી આપ્યા.

મહાયુદ્ધનાં વર્ષોમાં પોતે અમેરિકાની હદપારી ભોગવતા હતા. જન્મભૂમિને માટે ઝૂરતા હતા. પરંતુ મહાયુદ્ધ શમ્યા વગર એ ચક્રવાકને વિયોગની અંધારી રાત્રિનો અંત જડવાનો નહોતો.

ડો. હાર્ડીકર અમેરિકાનાં સ્મરણોમાં લખે છે:

"અમે એક જ મકાનમાં સાથે રહેતા હતા. હાથે જ રાંધતા, ધોતા ને વાસણ માંજતા. હું પોતે તો ગરીબ કુળમાં જન્મેલો અને શરૂઆતથી જ ભિખારી,

એટલે આ વિટંબનાઓની હું તો કશી પરવા નહોતો કરતો. પરંતુ લાલાજીની શારીરિક તેમજ માનસિક કાળી યાતનાઓ મારાથી દીઠી જાતી નહોતી. મેં મારા ભાઇ પર પૂના પત્ર લખ્યો તેમાં અમારી દિનચર્યાનું વર્ણન આપ્યું અને લાલાજીના પરિતાપોનું ચિત્ર આંક્યું. બન્યું એવું કે મારા ભાઇ એ પત્ર લોકમાન્ય તિલકની પાસે લઇ ગયા. લોકમાન્ય એ આખો અહેવાલ શાંતિથી વાંચી ગયા, દિલગીર થયા અને તાબડતોબ એમણે શ્રીમતી ઍની બેસન્ટની મારફત પાંચ હજાર ડાલર લાલાજીને પહોંચાડવાની ગોઠવણ કરી. જ્યારે અમને આ રકમ પહોંચી ત્યારે લાલાજીનુ અંતર લોકમાન્ય પ્રતિ આભાર-ભાનું બન્યું અને એણે કહ્યુ "હાર્ડીકર, બચ્ચા, પરદેશી પ્રચારકાર્યની સાચી કિમ્મત સમજનાર આ એકજ સાચો નેતા છે. તું જ્યારે હિન્દમાં જા, ત્યારે એની જોડે થોડા માસ રહીને તાલીમ લીધા પછી જ મારી સાથે જોડાજે હો।"

આખા પ્રસંગમાં લાજપતરાયની અન્ય દેશભક્તો પ્રતિની નિરભિમાન મન-મોટપ જ બોલી રહી છે. ડૉ. હાર્ડીકર સ્પષ્ટ કરે છે કે "આ આખી જ રકમને તૂર્ત જ પ્રચારકાર્ય ખાતે જમા પાડવાનું મને કહી દેવામાં આવ્યું. લાલાજીએ પોતે પોતાના અંગત ઉપયોગ માટે એમાંથી એક પાઇ સુદ્ધાં ખરચી નથી."

એવે પંજાબમાં લશ્કરી કાયદાએ લોકોનું લોહી વહેવરાવ્યું: જલિયનવાલા બાગમાં દૈત્યે નિરપરાધી નરનારીઓની દારૂણ હત્યા કરી અ. સમાચાર અમેરિકામાં વંચાયા. લાજપતરાય નાના બાળકની માફક રડવા લાગ્યા. એણે હિન્દ જવાનો પરવાનો મેળવવા ઘણાંઘણાં માથાં પછાડ્યાં. પણ પરવાનો ન જ અપાયો. પછી એણે પંજાબીઓને નીચેલખ્યો પ્રગટ સંદેશો મોકલ્યો:

"વ્હાલા દોસ્તો,

"પંજાબના હવાલ પર આ ક્ષણે મારા હૃદયમાં શું શું થઇ રહ્યું છે તે હું તમને શી રીતે સમજાવું! મારી જબાને તાળાં છે, પણ મારૂં હૃદય છલછલી રહ્યું છે. અરે, જીવનના સર્વસ્વથી વધુ પ્યારી એ ભૂમિ પર ઉડીને આવવાની મને પાંખો હોત! તમારી પાસે પહોંચવા માટે મેં બધું અજમાવી જોયું, પણ હું નિષ્ફળ પડ્યો છું. મારે શહિદ બનવાનો લોભ નહોતો, ફક્ત તમને ખપ લાગવાની ઝંખના હતી. × × × ×

"પ્રથમ પહેલું તમારી પાસેથી આટલું માગું છું કે, તમારે માટે સહનાર નેતાઓની પડખે—એ હરકિસનલાલ, દુનીચંદ, રામભજ દત્ત, સત્યપાલ, કીચલુ (વગેરે વગેરે)ની પડખે—જાતિ, ધર્મ કે પક્ષના ભેદ રાખ્યા વિના—તમે ઉભા રહેજો. તમે જાણો છો કે ભૂતકાળમાં મારે એ સહુની સાથે તેઓની નીતિ, કાયપદ્ધતિ તેમજ વર્તણુક પરત્વે મતભેદ હતો. પરંતુ અત્યારે તો હું ફક્ત

આટલું જ યાદ રાખવા માગું છું કે તે બધા પંજાબ સરકારની પીછેહઠ દમન—નીતિના ભક્ષ બન્યા છે અને દેશપ્રેમ તેઓનો ગુન્હો ઠર્યો છે. એ રીતે તો તેઓ મને વહાલા છે અને તેઓની ઝખ્મી દેશભક્તિને હું વંદના દઉં છું. તેઓની તમામ અંગત નબળાઇઓને, તમામ દૂષણોને હું ભૂલી ગયો છું. અત્યારે તો તેઓનાં દુઃખો, એજ એક વિચારની વાત છે. અત્યારથી તો હું તેઓને પૂજ્યા કરીશ. * * * ”

" જોયા આ અસહકારી લાલા ! આંહી પારકાં છોકરાંને નિશાળો છોડાવાને જતિ કરી મૂકવા તૈયાર, અને પોતાનો પૂતર તો લંડરથી અમેરિકામાં ભણે છે !"

અસહકારના પૂર આંદોલન વખતે, જ્યારે સરકારી અદાલતો, નિશાળો અને નોકરીઓનો ત્યાગ થઇ રહ્યો હતો, ત્યારે કોઇએ છાપામાં આવો ટોણો માર્યો. અમેરિકામાં કેળવણી લેતો પુત્ર અને હિન્દુસ્તાનની સરકારી શાળાનો બહિષ્કાર ; એ બે વચ્ચે જરા જેટલા પણ લેવાદેવા નહોતા. મેણું મારનાર કોઇ બીનજવાબદાર ગમાર હશે અથવા વિરોધી દળનો ટીકાકાર હશે. ગમે તેમ હો, પણ લાજપતરાયથી એ કટાક્ષ ન સહેવાયો. એણે પોતાની સચ્ચાઇ પર સંદેહ ઉતરતો દીઠો, તુર્ત જ એણે પોતાના બેટા અમૃતરાયને અમેરિકાથી પાછો

બોલાવી લીધો. Be true to yourself: સચ્ચાઇ: એ એનુ બિરદ હતું.

દેશબંધુનું અવસાન થયા પછી લાજપતરાયનું દિલ સ્વરાજ-દળમાંથી ઉચક થઇ ગયું. પોતાના નેતા પંડિત મોતીલાલજીના કેટલાએક દાવપેચ એને ન રૂચ્યા. બીજી બાજુ એણે હિન્દુ જાતિ પર મુસલમાન કોમનું વિઘાતક આક્રમણ વધતું દીઠું. સાચી અથવા ખોટી રીતે એને ભાસ્યું કે કમજોર પડેલી મહા હિન્દુ જાતિ જ્યાં સુધી કમજોર જ રહેશે ત્યાં સુધી આખા હિન્દની મૂક્તિને એ રૂંધી રાખશે. એણે માલવીયાજીની સાથે મળી હિન્દુ મહાસભા સ્થાપી અને જયકર, મુંજે વગેરેની સાથે મળી નવું રાજદ્વારી દળ-રીસ્પોન્સીવીસ્ટ પાર્ટી-ખડું કર્યું. સ્વરાજ પક્ષની સામે મોરચા માંડયા. ૧૯૨૬ ની વરણીમાં પં. મોતીલાલની વિરૂદ્ધ પોતે ઉભા રહ્યા. બન્ને આગેવાનો વચ્ચે સિદ્ધાંતભેદ અને મતભેદનું મહાયુદ્ધ મંડાઇ ગયું. ઉતાવળીઆ સ્વભાવના ઉર્મિલ લાલાજીએ પોતે જેને સાચ માન્યું તેના પક્ષે ખડા રહી પંડિત મોતીલાલજીની ઝડ ઉખેડવા ઝુમ્બેશ આદરી. પંડિતના પક્ષને પંજાબમાં ટકવા ન દીધો.

અને ૧૯૨૮ ના સપ્ટેમ્બર માસમાં શું બને છે! લાલા ગિરધારીલાલના શબ્દોમાં જ કહેવા જેવી એ મહાનુભાવતાની કથા છે:

ધારાસભાની બેઠકમાં હાજરી આપવા હું સીમલા જતો હતો. કાલકા સ્ટેશનથી લાલાજી પણ મારા ડબ્બામાં ચડયા. મળતાંની વાર પહેલવહેલા જ શબ્દો એમના મ્હોંમાંથી આ પડયા : "તેં નહેરૂ રીપોર્ટ વાંચ્યો ? એ તો મહાન વિજયનું કાર્ય થઇ ગયું છે."

મેં કહ્યું " ના હજુ નથી વાંચ્યો. "

લાલાજી હર્ષભેર બોલ્યા "આહા ! એ ડોસા મોતીલાલજીએ તો હિન્દને બચાવી લીધું. હું તો એના ઉપર આફ્રિન છું. મેં તો એને તૂત જ મારા આભ-નંદનનો તાર કરી દીધો છે. "

મેં કહ્યું " લાલાજી, આપને આટલા સુખમય ભાવમાં ભાળીને મને અનહદ આનંદ થાય છે. "

હું વાકય પુરૂં કરૂં ત્યાં તો એ ઉતાવળે બોલી ઉઠયા, "આહાહા ! તું આવું બોલે છે કારણ કે તેં હજુ રીપોર્ટ વાંચ્યો નથી ને ! સીમલા પહોંચીને તૂર્ત જ હું તને મારી પાસેની પ્રત આપી દઇશ. અને ત્યારે જ તું મારા કહેવાનું સત્ય સમજી શકીશ. હુ કહું છું કે તારા બંકડા પંડિત સિવાય કોઇની મગદૂર નથી કે આટલી હિમ્મત અને સ્પષ્ટતા દાખવી શકે. મુસ્લીમ પ્રશ્નના વિષમ ગુંચવાડાનો આવો વ્યવહારૂ અને ન્યાયસરનો ઉકેલ આણીને તો એણે મુસ્લીમોની ખાસ માગણીઓને ભોંઠી જ પાડી દીધી છે.'

એટલું બોલતાં તો લાલાજીને નબળાઇ વરતાવા લાગી. બરડામાં દુઃખાવો થવા માંડયો. મારી પીઠ થાબડીને એણે મારા ખભા પર શરીર ઢાળી દીધું. આરામ લેવા લાગ્યા. વળી થોડી વારે જાગી જઇને મને કહેવા લાગ્યા 'શું હજીએ તને મારા હર્ષથી અજાયબી થાય છે દોસ્ત?' કેમ જાણે નિદ્રામાં પણ એનો આત્મા આકુલ હોય અને એ એક જ વિષયમાં એનું રટણ લાગી ગયું હોય! આ દૃશ્ય દેખીને એક તરફ મને હર્ષ થતો અને બીજી તરફ દિલગીરી થતી હતી. દિલગીરી એટલા માટે કે એ વધુ નિદ્રાહીન બનશે અને પરિણામે એની ખળભળેલી તંદુરસ્તીને અધિક ધક્કો પહોંચાડશે.

મેં વિનવ્યું કે 'લાલાજી, તમે સંપૂર્ણ આરામ લો!

એમની મહાનુભાવતાને છાજતો જ જવાબ મળ્યોઃ 'આરામ! આરામ હવે મારાથી શી રીતે લેવાય? તને ખબર છે ને, આ રીપોર્ટ એટલે મારે માટે ભગીરથ કામ ઉભું થયું. હવે તો હું મોતીલાલજીની સેવામાં છું. મને એ જે ચીંધે તે મારે કરવાનું છે. મારી ચિન્તા ન કર દોસ્ત! છેલ્લી ઘડી સુધી સંગ્રામ ખેડતાં ખેડતાં મરવું તો મને પ્યારૂં છે: I would love to die in harness.'

અને એ એમજ મર્યા. એની મનકામના પરિપૂર્ણ થઇ. એના શબ્દો ભવિષ્ય–વાણી શા નીવડયા.

એક બીજે પ્રસંગે : હું જોતો હતો કે એની કાયા લથડતી હતી. હું સમજતો હતો કે હવે દેશને લાલાજીની ખરી જરૂર પડશે. મારૂં હૃદય બળતું હતું. મેં પૂછ્યું કે 'લાલાજી, થોડાક આરામ પર ચાલ્યા જાઓને !"

મારૂં અંતઃકરણ એણે ઉકેલી લીધું. મમતાથી મારો હાથ ઝાલી મને શાંતિપૂર્વક કહ્યું "તું શીદને ચિંતા કરે છે બચ્ચા ? તું મૃત્યુનો ડર કરે છે ? એ તો આપણ સહુને માટે માંડયું છે. મને ખાત્રી છે કે મારો અંત હવે નજીક છે. મારી આશાઓ તમો–ખીલતાં પુષ્પો ઉપર અવલંબી છે. હવે તો તમારે જ યુદ્ધ ચલાવવું પડશે. મારૂં હૃદય તો હવે એકાએક ટાઢું પડી જાય છે. મને તો હવે કદિ ન અનુભવેલો એવો થાક લાગ્યો છે. * * * હવે તો હું ઘેર જઇશ. મને વળી પાછાં અંધારાં આવે છે." ભાવીને વીંધી આરપાર જતી હોય તેવી દ્રષ્ટિ ફેંકી, અશ્રુભીની આંખે લાલાજીએ છેલ્લી વાતચીત ખતમ કરી; અને મારી ચિંતાતૂર મનોદશામાંથી મને હચમચાવી નાખી, માયાભર્યા નમસ્કાર કરી એ વ્હાલા ડોસા ચાલી નીકળ્યા. હાય ! ફરી વાર એને નહોતું દેખાવું.



વીર-મૃત્યુ

વીર–મૃત્યુ

૧૯૨૮ના અક્ટોબર માસની તા. ૩૦ મીનું પ્રભાત લાહોર નગરના શિર ઉપર શહિદીનો સુવર્ણ-મુગટ પહેરાવતું હતું અને સુસવાટા મારતી આગગાડી પલે પલે સાયમન સમક'ને નજીક ને નજીક આણી રહી હતી. પંજાબના હાકેમ એ પરોણાઓને સાચો પ્રજામત સમજવાના શ્રમમાંથી ઉગારવા માટે તે દિવસોમાં જાહેર સભા અને સરઘસ ઉપર મનાઈ-હુકમ મૂકયો હતો.

લાજપતરાયના ઓરડામાં ટેલિફોનની ઘંટડીએ ટકોરા દીધા. યંત્ર કાને લગાડ્યું ને પૂછ્યું "કોણ છો?"

"એ તો હું મહમદ આલમ, લાલાજી!"

"કેમ, ડૉક્ટર આલમ? ફરમાવો."

"લાલાજી, અમે બધાએ તો નિશ્ચય કર્યો છે."

" શાનો ?"

" પીનલ કોડની કલમ ૧૪૪નો ભંગ કરીને, સભા ભરી સાયમન-બહિષ્કારનું સરઘસ કાઢવાનો."

" શાબાશ !" યંત્રમાં લાજપતરાયનો અવાજ ઉન્નત બન્યો: " અને હું પણ તમારી સાથે જ છું ડૉકટર ! હું બિમાર છું, બુઢ્ઢો બની ગયો છું, તે છતાં મારું સ્થાન એ સરઘસને મોખરેજ સમજજો !"

સરકારી ઘોષણાનો ભંગ કરતી લાહોરી જનતા હજારોની સંખ્યામાં હલકી ઉઠી. હાથમાં શોકસૂચક શ્યામ પતાકાઓ ફરકતી હતી. 'સાયમન, પાછા સીધાવો !'ના ધ્વનિ ગાજતા હતા. મોખરે લાલાજી, રાયજાદા હંસરાજ, ડૉ. સત્યપાલ, ડૉ. મહમદ આલમ વગેરે સરદારો શાંતિ તથા અહિંસાના સંરક્ષકો બનીને ચાલતા હતા. પં. માલવીયાજીને લાલાજીએ સરઘસને છેડે રાખેલા હતા: એમ કહીને કે 'આપ બિમાર છો.' પોતાના પ્રાણની ખેવના ન કરનાર એ પુરુષને બીજા માટે આટલી ઝીણી કાળજી હતી.

સરઘસ સ્ટેશનની નજીક થંભી ગયું અને સાયમન કમીશનની સ્પેસ્યલ આગગાડીની વાટ જોતું ઉભું રહ્યું. લોકો માત્ર શાંતિપૂર્વક ઉભા ઉભા 'સાયમન ! પાછા જાઓ' અને 'વંદેમાતરમ્'ના નિર્દોષ ધ્વનિ ગજાવી રહ્યાં હતાં. સ્ટેશનની ચોગરદમ કાંટાવાળા તાર બાંધીને ચોગાન વાળી લીધું હતું, અને તેની અંદર પોલીસ

ઘેરો ઘાલીને ઉભી હતી. એકાએક કશા પણ ટંટાતોફાન વિના, લોકો તરફથી લગાર પણ કારણ મળ્યા વિના પોલીસે ભાન ભૂલી જઇ એ તારની બહાર જામેલી મેદનીના મોખરા પર લાઠીના પ્રહારો પર પ્રહારો ચાલુ કર્યા અને હુમલો કરનાર માંહેલા આગેવાન અંગ્રેજ અમલદારની લાઠીના ઘા લોકવૃંદને અગ્રભાગે ઉભેલા લોક-નેતાઓ ઉપર પડ્યા. ફડ ! ફડ ! ફડ ! લાઠીઓ તૂટી પડી. ડૉ. આલમને, લાલા હંસરાજને, ઘણાને ચોટ લાગી. અને વધુમાં વધુ માર વાગ્યો વૃદ્ધ, જર્જરિત લાલાજીને. એની છત્રી તૂટી ગઇ, એની છાતી પર અને ખભા પર ઘા પડ્યા, અને છતાં પ્રહારો ચાલૂ જ રહ્યા. જો રાયજાદા હંસરાજે આડા પડીને પ્રહારો ન ઝીલી લીધા હોત તો લાલાજીનું શરીર ત્યાં ઢગલો થઇ જાત. કેમકે પોલીસનો ગોરો અમલદાર તો લાઠીના ઝડી વરસાવતો જ રહ્યો.

મોખરે ફડાફડી બોલી ગઇ અને મેદનીમાં શોર મચી ગયો કે "નેતાઓને માર્યા ! લાલાજીને માર્યા ! પોલીસે માર્યા !" એ શબ્દો ગડગડાટ કરતા તોપ-ખાનાના અવાજની માફક મેદનીના એક છેડાથી બીજા છેડા સુધી પ્રસરી ગયા. અને નેતાઓ તરફના એક જ ઇસારે ત્યાં સંગ્રામ મચી જાત. કદાચ સારી પેઠે લોહી છંટાત. પરંતુ ધૈર્યસાગર લાલાજીએ ખામોશી રાખી. અન્ય નેતાઓ પણ જનતાને રોકી પોતપોતાને સ્થાને અવિચલ ઉભા

રહ્યા. લોકો ઉપર અહિંસા અને શાંતિની નિરવતા પથરાઈ ગઈ. બરાબર છાતીની ચોટ લાગવાથી ખળભળી ગયેલા લાલાજી પલકમાં પાછા ટટ્ટાર થયા અને પોતાના ઉપર નિષ્કારણ આવા નિર્દય પ્રહારો કરનાર અંગ્રેજ અધિકારીને એટલું જ પૂછ્યું કે "તમારૂં નામ શું છે?"

નામર્દ અંગ્રેજ નિરૂત્તર રહ્યો. ફરીવાર લાલાજીએ પૂછ્યું: "જો તું મર્દ હો, તો તારૂં નામ બતાવ."

એ હીચકારા અંગ્રેજમાં, કર્તવ્યની રૂઈએ પોતાનું નામ આપવા જેટલી પણ હિમ્મત નહોતી રહી. પોતાનું મુખ અણઓળખ્યું રાખવા માટે એ પશુ અદૃશ્ય થઈ ગયો. પાછળથી એમ ખબર પડી કહેવાય છે કે એ લાહોરનો સીનીઅર પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ હતો. લાલાજીની જીવન-જ્યોત એ ગોરા સત્તાધારીએ જ બુઝાવી નાખી એવો પ્રજાનો આરોપ છે. પણ એને કે કોઈને સરકારે કશી નસ્યત કરી જ નથી.

"હું શા માટે એ પ્રહારો ઝીલતો ઝીલતો ત્યાં ખતમ ન થઈ ગયો? શા માટે તે ક્ષણે મારા અંતરમાં કાયરતાએ ઘર કર્યું હતું? એક રોગીની રીતે રીબાઈ રીબાઈને બિછાને મરવા કરતાં ત્યાં છાતી પાથરીને પ્રાણ આપવાનું મારા તકદીરમાં કેમ નહોતું?"

આવી આવી આંતર્વેદના લાલાજીને તે ઘડીથી સતાવવા લાગી. ઘણા સમયથી ચાલી આવતી ફેફસાંની

નબળાઇએ તે પ્રભાતના પ્રહારોથી જોર પકડયું. પરંતુ દેહની ચિંતા રાખ્યા વિના તે દિવસની સંધ્યાએ લાલાજી સાઇમન-વિરોધની સભામાં આવ્યા.

"લાલાજી!" ડૉ. ધર્મવીર એમને હાથ જોડીને વિનવવા લાગ્યા, "લાલાજી, ભલા થઇને આપ આજની સભામાં બોલવા ઉઠશો નહિ. ફેંફસાંની ઇજા વધી પડશે."

"નહિ ભાઇ!" લાલાજી બોલ્યા, "આજે સાંજે તો હું લાખ વાતે ય બોલ્યા વગર રહેવાનો નથી. ભલે મારો જીવ નીકળી જાય."

એ વ્યાખ્યાન લાલાજીના મુખનું છેલ્લું વ્યાખ્યાન હતું–ને છેલ્લું બનવાને જ લાયક હતું. વીરના મૃત્યુને શોભાવનારી એ વાણી હતી. સંસારનું સમગ્ર દૈન્ય ફગાવી દઇ, અનંતના મહાપંથ પર સંચરતો વીર જ એવું બોલે છે, અને એને બોલે બોલે આગમના સૂર બંધાય છે. એ બોલ્યા તે આ રહ્યું :

"આ વ્યાસપીઠ ઉપર ઉભો રહીને હું ઘોષણા કરૂં છું કે આજ અમારા પર જે માર પડયો છે, તે અંગ્રેજી સામ્રાજ્યનો વિનાશ નજીક હોવાની નિશાની આપે છે. જેણે જેણે પોલીસના આ ક્રૂર કર્મને જોયું છે, તે એને કદિ પણ નહિ ભૂલી શકે. એ હીચકારા હુમલાનો બદલો આપણે ચૂકવવો જ રહ્યો છે. એ બદલો આપણે ખૂનખરાબીથી નહિ પણ સ્વાધીનતાની પ્રાપ્તિથી

ચૂકવીશું. હું સરકારને ચેતાવું છું કે જો કદાચ આ દેશમાં રૂધિરભીની રાજ્યક્રાંતિ ફાટી નીકળે તો તેની જુમ્મેદારી અમારા પર નહિ પણ તમારા દુષ્કર્મી ગોરા અમલદારો પર રહેશે. અમારૂં ધ્યેય તો એ છે કે અમારે સ્વરાજનું યુદ્ધ શાંતિમય અને અહિંસાત્મક માર્ગે લડી લેવું; પરંતુ જો સરકાર અને સરકારી અધિકારીઓની આવી જ કાર્યરીતિ ચાલુ રહેશે અને એને પરિણામે જો અમારા નૌજવાનો અમારા કહેવાની પરવા છોડી દઇ એવો નિશ્ચય કરી બેસશે કે સ્વાધીનતા હાંસલ કરવાને માટે તો જે કાંઇ કરવું પડે તે બધું ઠીકજ છે, તો એમાં કશા આશ્ચર્યની વાત નહિ લેખાય. હું એ દિવસ જોવા જીવતો રહીશ કે નહિ તે નથી જાણતો; હું જીવતો રહું કે મરી જાઉં, પણ જો કદાચ મારા દેશના નૌજવાનોને લાચાર બનીને એવા દુર્દિનનો સામનો કરવો પડશે, તો મારો આત્મા જ્યાં હશે ત્યાંથી તેઓને યુદ્ધમાં વિજય સાંપડવાનાં આશીર્વાદ દેશે."

લાઠીના ઘાએ એ જીર્ણ દેહને તે દિવસથી જ ખળભળાવી નાખ્યો હતો. છાતીમાં સોજો આવી ગયો હતો દિન પ્રતિદિન એની અસર વધતી જ ચાલી, કેમકે આસાએશ લેવાની સલાહ એમણે માની જ નહિ. નેહરૂ રીપોર્ટને લોકપ્રિય બનાવવાના પ્રયત્નો આડે એને પોતાના પ્રાણની રક્ષા સાંભરી નહિ. દિલ્હીમાં મળેલી મહાસમિતિમાં પોતે હઠ કરીને હાજરી દેવા ગયા. ત્યાંથી

આવ્યા પછી એ પટકાઇને પથારીવશ બન્યા. તા. ૧૭ મી નવેમ્બરનું પ્રભાત હતું. વ્યથા વધતી હતી ને, પોતે પથારીમાં પડયા પડયા મૌન મુખે સહન કરી રહ્યા હતા. એમ કરતાં પીડા અસહ્ય થઇ પડી. અબોલ લાલાજીએ બેઠા થઇને પલંગમાં પલોઠી ભીડી. આખે માથે કામળો ઓઢી લીધો. થોડીવારે ઢળી પડયા. આંખો મીંચી દીધી, પોઢી ગયા. મૃત્યુની ગોદમાં મધૂર સુખ-નિદ્રા મંડાઇ ગઇ.

થોડીવાર તો પાસે બેઠેલ પૌત્રને લાગ્યું કે દાદાજી નિદ્રા કરે છે. પણ પછી સંદેહ પડયો. દોડીને સહુને બોલાવ્યા. ટેલીફોન કરીને દાક્તરોને તેડાવ્યા. મૃતદેહની મુખમુદ્રા પર એટલી બધી તાઝગી હતી કે દાક્તરોએ આવીને જ્યારે મૃત્યુ જાહેર કર્યું ત્યારે જ શ્રદ્ધા બેઠી કે દીપક ઓલવાયો છે.

લાલા હંસરાજ આવ્યા ને ભાઇ પરમાનંદ આવ્યા. બાલ્યાવસ્થાથી જ દોસ્તીની ગાંઠમાં બંધાએલા ત્રણે ગોઠીઆ હતા. જીવનના પ્રત્યેક કાર્યમાં ત્રણેએ સાથે મળી સેવા દીધેલી પરંતુ છેલ્લે છેલ્લે ભાઇ પરમા-નંદની પ્રકૃતિએ પલટો લીધેલો. ઉતાવળીઆ સ્વભાવે બન્ને વચ્ચે અંગત વિચ્છેદ પાડેલો. ઘણા દિવસથી ચાર આંખો પણ ભેળી નહોતી થઇ. આજ મિત્રના શબના પગ પાસે ઉભેલા એ 'ભાઇજી'ને સાઠ વર્ષનો ભૂતકાળ સાંભરી આવ્યો. મૃત બાંધવના સૂતેલા, સૌમ્ય, સ્નેહ-

નીતરતા મુખ સામે ' ભાઇજી 'ની મીટ મંડાઇ ગઇ. એનાં નેત્રામાંથી અશ્રુની ધારાઓ ચાલવા લાગી. મિત્રના ચરણુ ઝાલીને 'ભાઇજી' નાના બાલકની માફક રોયા. સાંજરે સારૂં હિન્દ રોયું. દેશદેશાવરમાં અનેક નાનાં મોટાં સ્નેહીજનોએ પણુ અશ્રુ સાર્યાં. જેણે જેણે બાલાજીને દૂભવ્યા હતા તે તમામને દિલમાં ચીરા રહી ગયા. જેને જેને મરનારે દૂભવેલા તેના વ્રણો ઉપર એ નિર્દોષ મહાવીરના મૃત્યુએ ક્ષમાની ફુંક મારી રૂઝ વાળી દીધી.

"He was ever a brave man, the bravest of the brave, and therefore he would wish no better death than that by which he died.

"એ વીર હતો, વીરોનો પણુ વીર હતો. અને આના કરતાં બીજુું કયું બહેતર મૃત્યુ એ માગી શકત !"

[દિનબન્ધુ એન્ડ્રુઝ]